MANOGAT • Year-37 • Issue-1 • 10 April 2018 • Chaitra Vad 10, Samvat 2074 • Yugabd 5120 • Price : Rs. 5/- • Pages : 28






# મનોગત

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ
योगः कर्मसु कौशलम् ।




## આ વર્ષના બજેટમાં નિગમને રૂા. ૫૦૬ કરોડની વિશેષ જોગવાઈ

# ગુજરાત રાજ્ય બિનઅનામત વર્ગોના આયોગની કચેરીનો કાર્યારંભ

# ભાજપના ૩૮મા સ્થાપનાદિને શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સફળતાનું શ્રેય કાર્યકરોને આપ્યું



**હું ભાજપમાં વિશ્વાસ મૂકવા માટે દેશની જનતાનો આભાર માનું છું અમે ભારતના પરિવર્તન માટે અમારી જાતને સમર્પિત કરતા રહીશું**
**- શ્રી નરેન્દ્રભાઈ મોદી**

ભાજપના ૩૮મા સ્થાપના દિવસે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પાર્ટીને નવી ઊંચાઈ પર પહોંચાડવાનું શ્રેય પાર્ટીના કાર્યકર્તાઓને આપ્યું હતું. શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું કે, ભાજપ ન્યૂ ઈન્ડિયાની પાર્ટી છે. ભાજપ ભારતની વિવિધતા, ૧૨૫ કરોડની જનતાની ક્ષમતા અને અનોખી સંસ્કૃતિમાં સંપૂર્ણ વિશ્વાસ ધરાવે છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શ્રેણીબદ્ધ ટ્વિટમાં જણાવ્યું હતું કે, કાર્યકર્તા પાર્ટીનું હૃદય અને આત્મા છે. કાર્યકર્તાઓએ વહેવડાવેલો પરસેવો આજે પાર્ટીને નવી ઊંચાઈ પર લઈ આવ્યો છે. કાર્યકરોના પ્રયાસોના કારણે આજે એમને સમગ્ર ભારતની જનતા અને તેમની મહત્ત્વાકાંક્ષાઓની સેવા કરવાનું સન્માન પ્રાપ્ત થયું છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું કે, પાર્ટીના ૩૮મા સ્થાપના દિવસે હું ભાજપના સમગ્ર ભારતના કાર્યકર્તાઓને નમન કરું છું. તેમણે જણાવ્યું હતું કે, મહેનતુ કાર્યકર્તાઓ સાથે વાર્તાલાપ કરવાનું મને ઘણું પસંદ છે. હું ભાજપમાં વિશ્વાસ મૂકવા માટે દેશની જનતાનો પણ આભાર માનું છું. અમે ભારતના પરિવર્તન માટે અમારી જાતને સમર્પિત કરતા રહીશું.

દરમિયાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કાર્યકર્તાઓ સાથે વીડિયો ટેલિકાસ્ટ દ્વારા વાર્તાલાપ કરતાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું કે, ભાજપ લોકતાંત્રિક પાર્ટી છે અને તેમાં પરિવારવાદ કે જાતિવાદને કોઈ સ્થાન નથી. એક સમય એવો હતો જ્યારે ભાજપ આમ આદમીની સમસ્યાઓ માટે સંઘર્ષ કરતો હતો, પરંતુ હવે આમ આદમીની સમસ્યાઓના ઉકેલ માટે કામ કરી રહ્યો છે.

શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું કે, નરેન્દ્ર મોદી એપમાં ઘણી યોજનાઓ છે અને તેમાંથી જનતાને ઘણી મદદ મળી રહે છે. અમે ટેક્નોલોજીની મદદથી લોકોને જોડી રહ્યા છીએ. જન ઔષધિ કેન્દ્ર તેનું એક ઉદાહરણ છે. અમારા કાર્યકર્તાઓ લોકો સુધી પહોંચી સરકારની યોજનાઓ અંગે જાણકારી આપી રહ્યા છે. ટેક્નોલોજી જનતાને સશક્ત બનાવી રહી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું કે સૌભાગ્ય અને ઉજ્જવલા યોજના ગરીબ લોકોને ગેસ અને વીજળીનાં જોડાણો મેળવવામાં મદદ કરી રહી છે. અમે આધાર સાથે આ યોજનાઓને જોડીને રૂપિયા ૮૦,૦૦૦ કરોડની બચત કરી છે. તેમણે જણાવ્યું હતું કે, ટેક્નોલોજી શક્તિશાળી સાધન બની ગયું છે અને આપણે તેને સમાજની સુખાકારી માટે વાપરવી જોઈએ. આપણે સરકારના નિર્ણયોની જાણ જનતાને કરવી જ જોઈએ.

બીજી તરફ ભાજપ સંસદીય પક્ષની બેઠકને સંબોધન કરતાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું કે, સત્તાધારી પાર્ટી બધાને સાથે લઈ ચાલવાની રાજનીતિ કરે છે જ્યારે વિપક્ષ વિભાજનવાદી અને નકારાત્મક રાજનીતિ કરી રહ્યો છે. તેનાથી ભાજપની વધતી શક્તિ અને લોકપ્રિયતા સહન થઈ રહી નથી.

Year - 37 • Issue - 1 • Pages-28


- ભાજપા ૩૮મો સ્થાપના દિન ૪
- ગુજરાત સ્થાપના દિનની ઉજવણી ૭
- ગુજરાત રાજ્ય બિનઅનામત વર્ગોના આયોગની કચેરીનો કાર્યારંભ ૯
- નર્મદા વિરોધી મેઘા પાટકરની પંગતમાં બેસનારી કોંગ્રેસ ગુજરાત વિરોધી છે ૧૦
- ૧૪મી ગુજરાત વિધાનસભાનું પ્રથમ સત્ર ૧૩
- માધવપુર મેળો ૧૫
- ભાજપ સરકારના આગવા સમાચાર ૧૭
- કોંગ્રેસ દલિતોને ભ્રામક પ્રચારથી છેતરવાનું બંધ કરે ૨૦
- ૧૦૫૪ નવયુવાઓને નિમણૂક પત્રો વિતરણ ૨૧
- રેસ્ટોરન્ટ માટે લાયસન્સ-રિન્યુઅલની જોગવાઈ રદ ૨૨
- શ્રી મકરંદભાઈ દેસાઈ પુણ્યતિથિ ૨૩
- ગુણોત્સવ-૨૦૧૮ ૨૫



પત્રવ્યવહાર કાર્યાલય

**મનોગત પાક્ષિક**

**ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ**

દીનદયાળ ભવન, જે.પી. ચોક,

ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧

**ફોન : ૦૭૯-૨૫૫૦૪૫૨૨**


E-mail : manogat.1980@gmail.com

**તંત્રી મુદ્રક પ્રકાશક :**

**સુરેન્દ્રભાઈ મોતીલાલ પટેલે ભારતીય જનતા પાર્ટી-ગુજરાત વતી એલાઈડ ઑફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ., ૧૪/૨, કાલિદાસ મિલ કંપાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૩૮૦૦૨૧ ખાતે છપાવી ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ કાર્યાલય, દીનદયાળ ભવન, જે. પી. ચોક, ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧ થી પ્રગટ કર્યું.**

**Editor : Printer : Publisher :**

Surendrabhai Motilal Patel on behalf of Bharatiya Janta Party-Gujarat Pradesh Printed at Allied Offset Printers (Gujarat) Pvt. Ltd., 14/2, Kalidas Mill Compound, Gomtipur, Ahmedabad and Published from Bharatiya Janta Party-Gujarat Pradesh J.P.Chowk, Khanpur, Ahmedabad-380001.

## તંત્રીસ્થાનેથી

### ગુજરાતની તમામ પ્રાથમિક શાળાઓમાં ગુજરાતી ભાષા વિષય તરીકે ફરજિયાત ભણાવવાનો નિર્ણય

પ્રિય કાર્યકર્તા બંધુ/ભગિની,

નમસ્કાર.

ગુજરાત ભાજપ સરકાર દ્વારા અતિ આવશ્યક એવો ગુજરાતી ભાષા સંદર્ભેનો નિર્ણય તાજેતરમાં લેવામાં આવ્યો. ગુજરાતમાં શિક્ષણ આપતી તમામ પ્રાથમિક શાળાઓમાં ગુજરાતી ભાષા એક વિષય તરીકે ફરજિયાત ભણાવવાની જોગવાઈ આ નિર્ણયમાં કરવામાં આવી છે. ભાજપ સરકારને આ નિર્ણય માટે હૃદયપૂર્વકનાં અભિનંદન.

હું જ્યારે અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ (ઔડા)માં અધ્યક્ષ તરીકેની જવાબદારી સંભાળતો હતો ત્યારે ઔડા વિસ્તારના સુદૃઢ પ્લાનિંગ દ્વારા ઉપલબ્ધ ૧૮ જેટલા શૈક્ષણિક પ્લોટનો શૈક્ષણિક સંસ્થાઓને શિક્ષણના ઉત્કૃષ્ટ હેતુ માટે ફાળવ્યા હતા. એ તબક્કે સંચાલકોને ખાસ વિનંતી કરી હતી કે - 'ઓછામાં ઓછો એક આખો વર્ગ ગુજરાતી માધ્યમમાં અને અંગ્રેજી માધ્યમના વર્ગમાં પણ માતૃભાષા ગુજરાતી ફરજિયાત ભણાવશો.'

મિત્રો, મનોવિજ્ઞાન પણ કહે છે કે માતૃભાષાના શિક્ષણ દ્વારા બાળકમાં ગોખણિયું, ઉપલછલ્લું કે માત્ર બુદ્ધિચાતુર્યવાળું નહીં પરંતુ હૃદયપૂર્વકનું સમજણવાળું અને જ્ઞાનની કક્ષાનું શિક્ષણ પ્રાપ્ત થતું હોય છે. કડકડાટ અંગ્રેજી ભાષા બોલનારું બાળક સંસ્કારની બારાક્ષરી ભૂલી જશે તો ગુમાવવાનું તો સમગ્ર સમાજે જ થશે. ભાષા સાથે સંસ્કૃતિ જોડાયેલી છે. નવી પેઢી માટે ગુજરાતી હવે લેખન-વાંચનના બદલે માત્ર વાતચીત(બોલી)ની ભાષા જ બની રહી છે ત્યારે ગુજરાતી ભાષાનો દુર્લભ, અમૂલ્ય અને પરંપરાગત વારસો ગુજરાતી લેખન-વાંચનના અભાવે દૂર થઈ જશે તો ગુજરાતી સંસ્કાર અને સંસ્કૃતિ પણ લુપ્ત થઈ જશે.

માતૃભાષાના વિદ્યાર્થી દ્વારા ઉચ્ચ અભ્યાસ વખતે જ કરાતો અંગ્રેજી અભ્યાસ પણ એટલી જ સફળતા પ્રાપ્ત કરાવે છે જેટલી અંગ્રેજી માધ્યમમાં પ્રાપ્ત થતી હોય છે.

પરંતુ બાળકને પ્રાથમિકથી જ અંગ્રેજી માધ્યમમાં મૂકવામાં આવે તો બાળપણમાં જ અંગ્રેજી ભાષા ન આવડતાં તે બાળક 'લઘુતાગ્રંથિ'માં બંધાઈ જશે, જેના કારણે તેની કલ્પનાશક્તિ, તેની સમજ, તેનો ઉત્સાહ, તેનું બાળપણ - આ બધું જ કાયમી રીતે તેના જીવનમાં હાંસિયામાં ધકેલાઈ જતું હોય છે. માતાની ભાષામાં જ તે મુક્ત, સહજ, સરળ અને સ્પષ્ટ જ્ઞાન મેળવતો હોય છે.


આવો, બાળકને તેની માતૃભાષાના શિક્ષણ દ્વારા જ્ઞાનપથનો સાચો રસિક વિદ્યાર્થી બનાવવાનું સામાજિક વાતાવરણ આપણે સૌ તૈયાર કરીએ. ગુજરાતી ભાષાની, બાળકની, શિક્ષણની, સાહિત્યની, સંસ્કારની, સંસ્કૃતિની અને સમાજની સાચી ચિંતા કરવા બદલ ફરીથી આ નિર્ણય માટે સૌને અભિનંદન.

વંદે માતરમ્.

- સુરેન્દ્ર પટેલ



## ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમિતભાઈ શાહ દ્વારા ભારતીય જનતા પાર્ટીના ૩૮મા સ્થાપના દિનના ઉપલક્ષ્યમાં વિશાળ જનસભામાં કરવામાં આવેલ ઉદ્‌બોધન



**ચાર પેઢીઓ સુધી કોંગ્રેસની સરકારો રહી, પરંતુ તેમણે દેશનાં ગામડાં, ગરીબો, ખેડૂતો, દલિત, આદિવાસી, યુવાનો અને મહિલાઓને વિકાસથી વંચિત રાખ્યા**

### શ્રી નરેન્દ્રભાઈ મોદીજીનું મિશન છે કે ૨૦૨૨ સુધી દેશને ગરીબી, બેરોજગારી, અંધકાર અને ધુમાડાથી મુક્તિ અપાવવી, આપણે બધા આ મિશનને પાર પાડવા કટિબદ્ધ થઈએ અને ન્યૂ ઇન્ડિયાનો માર્ગ પ્રશસ્ત કરીએ - શ્રી અમિતભાઈ શાહ

ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમિતભાઈ શાહે ભાજપાના ૩૮મા સ્થાપના દિનના ઉપલક્ષ્યમાં મુંબઈની એક વિશાળ જનસભાને સંબોધિત કરી.

પાર્ટી કાર્યકર્તાઓ અને શુભચિંતકોને ભાજપાના સ્થાપના દિવસની વધાઈ આપતાં ભાજપા અધ્યક્ષશ્રીએ કહ્યું કે ભાજપા બલિદાનીઓની પાર્ટી છે. તેમણે કહ્યું કે દેશના લોકતંત્રના ઈતિહાસમાં સૌથી વધુ કાર્યકર્તાઓનું બલિદાન જો કોઈ એક પાર્ટીએ આપ્યું હોય તો ભાજપાએ આપ્યું છે. હું તે બધાં બલિદાની કાર્યકર્તાઓને શ્રદ્ધાંજલિ આપું છું. એમણે આ ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવા માટે પાર્ટી કાર્યકર્તાઓ, મહારાષ્ટ્ર ભાજપા અધ્યક્ષ શ્રી રાવસાહેબ દાનવે, રાજ્યના મુખ્યમંત્રી શ્રી દેવેન્દ્ર ફડણવીસ તથા તેમની સમગ્ર ટીમને અભિનંદન પાઠવ્યાં. તેમણે કહ્યું કે ૩૮ વર્ષ પહેલાં મુંબઈમાં જ શ્રી અટલજીએ ભારતીય જનતા પાર્ટીની સ્થાપના કરી હતી અને પોતાના ઉદ્‌બોધનમાં કહ્યું હતું, 'અંધેરા છંટેગા, સૂરજ નિકલેગા, કમલ ખીલેગા'. આજે મને એ કહેતાં અસીમ આનંદની અનુભૂતિ થઈ રહી છે કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના નેતૃત્વમાં દેશના દરેક ખૂણામાં કમળ ખીલી રહ્યું છે.

ભાજપા અધ્યક્ષશ્રી અમિતભાઈ શાહે કહ્યું કે જનસંઘથી ભારતીય જનતા પાર્ટીની યાત્રા ઘણી સંઘર્ષપૂર્ણ, કઠિન અને પરિશ્રમભરી યાત્રા રહી છે. તેમણે કહ્યું કે ઘણા કાર્યકર્તાઓએ પોતાનું સર્વસ્વ અર્પણ કરી દીધું છે. કેટલાય મનીષી કાર્યકર્તાઓએ પાર્ટીનું સીંચન કરવા માટે પોતાનું બલિદાન આપ્યું છે, તે પછી જ પાર્ટીનું આજનું સ્વરૂપ જનતાની સમક્ષ દૃશ્યમાન છે. તેમણે કહ્યું કે શ્રી શ્યામાપ્રસાદ મુખર્જી, શ્રી દીનદયાળ ઉપાધ્યાયજી, શ્રી અટલબિહારી બાજપેયીજી, શ્રી લાલકૃષ્ણ અડવાણીજી, શ્રી મુરલી મનોહર જોશીજી, શ્રી સુંદરસિંહજી ભંડારી, શ્રી કુશાભાઉ ઠાકરેજી, રાજમાતા વિજયારાજે સિંધિયાથી લઈને પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સુધીના સમર્પિત કાર્યકર્તાઓની એક આખી શ્રૃંખલાએ પાર્ટી માટે પોતાને સમર્પિત કરી દીધા. તેમણે કહ્યું કે પાર્ટી કાર્યકર્તાઓના ત્યાગ અને સમર્પણની વેદી પર ૧૦ સભ્યોથી શરૂ થયેલી પાર્ટી આજે ૧૧ કરોડથી વધુ સભ્યો સહિત વિશ્વની સૌથી મોટી રાજનીતિક પાર્ટી છે, જેના ૧૪૦૦થી વધુ વિધાયક, ૩૩૦થી વધુ સાંસદ, કેન્દ્રમાં પૂર્ણ બહુમતની મોદી સરકાર અને દેશનાં ૨૦ રાજ્યોમાં ભાજપની સરકારો છે.

શ્રી અમિતભાઈ શાહે કહ્યું કે ભારતીય જનતા પાર્ટી આટલાં વર્ષોની પોતાની યાત્રામાં સંગઠનાત્મક, રાષ્ટ્રભક્ત અને સુશાસનવાળી પાર્ટીના રૂપમાં પોતાની છબી બનાવવામાં સફળ રહી છે. તેમણે કહ્યું કે આપણા મહાન સંસ્થાપક મનીષીઓએ આપણને સૂત્ર આપ્યું હતું કે ભારતીય જનતા પાર્ટી રાજનીતિમાં સત્તાનો ઉપભોગ કરવા માટે નહીં, બલકે ગરીબોનું કલ્યાણ કરવા માટે સત્તાને સાધન બનાવવા રાજનીતિમાં આવી છે અને આ જ સૂત્ર પર શ્રી નરેન્દ્રભાઈ મોદી સરકાર કામ કરી રહી છે. તેમણે કહ્યું કે જન-ધન યોજના, સૌભાગ્યયોજના, પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના, સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત શૌચાલય નિર્માણની યોજના તથા સામાજિક સુરક્ષા કવચની

યોજનાઓથી ગરીબોના ઘરમાં સુખ પહોંચાડવાનું કામ કર્યું છે અને 'સૌનો સાથ-સૌનો વિકાસ'ના સૂત્રને સાકાર કર્યું છે.

તેમણે કહ્યું કે આગામી ૧૪મી એપ્રિલે બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતી છે. આ દિવસે પાર્ટીના હજારો કાર્યકર્તાઓ દેશભરનાં ૨૦ હજાર ગામડાંઓમાં રાત્રીરોકાણ કરશે અને ગ્રામનિવાસીઓ સમક્ષ પાર્ટીનો સંદેશ પહોંચાડવાનો પ્રયાસ કરશે.

શ્રી અમિતભાઈ શાહે કહ્યું કે રાહુલજી પૂછે છે કે શ્રી નરેન્દ્રભાઈ મોદી સરકારે સાડા ચાર વર્ષમાં શું કર્યું ? તેમણે કહ્યું કે રાહુલજી, આપ મોદીજીને શા માટે સવાલ પૂછો છો ? દેશની જનતા આપની ચાર પેઢીનો આપની પાસે હિસાબ માગી રહી છે. તેમણે કહ્યું કે દેશમાં ચાર પેઢીઓ સુધી કોંગ્રેસની સરકારો રહી, પરંતુ તેમણે દેશનાં ગામડાં, ગરીબો, ખેડૂતો, દલિત, આદિવાસી, યુવાનો અને મહિલાઓને વિકાસથી વંચિત રાખ્યાં છે. તેમણે કહ્યું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ ઉજ્જ્વલા યોજનાના માધ્યમથી ગરીબોના ઘરમાં ગેસ પહોંચાડવાનું કામ કર્યું છે, સ્વચ્છ ભારત અભિયાનના માધ્યમથી દરેક ઘરમાં શૌચાલય ઉપલબ્ધ કરાવ્યું છે, સૌભાગ્ય યોજનાથી દરેક ઘરમાં વીજળી પહોંચાડી છે, મુદ્રા બેંક યોજનાથી સ્વરોજગારનું અભિયાન ચલાવ્યું છે, અને હવે દેશના લગભગ ૫૦ કરોડ ગરીબ લોકોને ૫ કરોડ રૂપિયાનો સ્વાસ્થ્ય વીમો ઉપલબ્ધ કરાવીને ગરીબોને ઘણી રાહત પહોંચાડી છે, જ્યારે કોંગ્રેસ પાર્ટી આઝાદી પછીનાં ૭૦ વર્ષ સુધીમાં આ કામ કરી શકી નથી. તેમણે કહ્યું કે આઝાદીના સમયથી દેશના ખેડૂતો પોતાના ઉત્પાદનનું યોગ્ય સમર્થન મૂલ્ય મળે તેવી માગણી કરી રહ્યા હતા, પરંતુ કેન્દ્રની કોંગ્રેસ સરકાર આંખો બંધ કરીને બેસી રહી. તેમણે કહ્યું કે મોદી સરકારે ખેડૂતોની પાક પેદાશના કુલ ખર્ચથી વધુ દોઢગણું મૂલ્ય આપવાનો નિર્ણય કર્યો છે, જેનાથી ખેડૂતોની આવક વધવાની સંભાવના વધી છે.

ભાજપા અધ્યક્ષ શ્રી અમિતભાઈ શાહે કહ્યું કે, આતંકી હુમલાઓને ખાળવા માટે પહેલાં ક્યારેય દૃઢ રાજનીતિક ઇચ્છાશક્તિનો અહેસાસ કરાવવામાં નથી આવ્યો. ઉરી હુમલા પછી ૧૦ દિવસની અંદર જ દૃઢ રાજનીતિક ઇચ્છાશક્તિનો પરિચય કરાવતાં સર્જિકલ સ્ટ્રાઇકનો ફેંસલો કરવામાં આવ્યો અને સેનાના જવાનોએ શૌર્યપૂર્વક આતંકીઓને મારીને આપણા શહીદ જવાનોનો બદલો લીધો. તેમણે કહ્યું કે બસ, તે જ ક્ષણથી ભારત તરફ જોવાનો દુનિયાનો દૃષ્ટિકોણ બદલાઈ ગયો, અને પૂરા વિશ્વને અહેસાસ થઈ ગયો કે કોઈ પણ પરિસ્થિતિમાં ભારત પોતાની સીમાસુરક્ષા કરવામાં સક્ષમ છે.

કોંગ્રેસ પર આકરા પ્રહાર કરતાં શ્રી અમિતભાઈ શાહે કહ્યું કે જનતા દ્વારા જાકારો મળ્યા બાદ કોંગ્રેસ હવે જૂઠનો ફેલાવો કરવા પર ઊતરી આવી છે. તેમણે કહ્યું કે હવે રાહુલ ગાંધી જૂઠો પ્રચાર કરી રહ્યા છે કે મોદી સરકારે એસસી/એસટી કાયદાને નામશેષ કર્યો, જ્યારે આવી તો કોઈ વાત જ નથી. તેમણે કહ્યું કે કોંગ્રેસ પાર્ટી ભ્રમ ફેલાવી રહી છે કે રિઝર્વેશન ખતમ કરી નાખવામાં આવ્યું. તેમણે કહ્યું કે રાહુલજી, આપ કાન ખોલીને સાંભળી લો કે ભારતીય જનતા પાર્ટી ક્યારેય આરક્ષણ હટાવવાની નથી, અને કદાચ કોંગ્રેસ પાર્ટી આરક્ષણને હટાવવા માગશે તો પણ ભારતીય જનતા પાર્ટી આરક્ષણને હટાવવા નહીં દે. આ ભારતીય જનતા પાર્ટીનું કમિટમેન્ટ છે.

સંસદમાં ચાલી રહેલા ગતિરોધ પર કોંગ્રેસને આડે હાથ લેતાં રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમિતભાઈ શાહે કહ્યું કે કોંગ્રેસ પાર્ટી કહે છે કે કેન્દ્ર સરકાર સંસદને ચાલવા દેતી નથી. તેમણે કહ્યું કે સંસદને તો વિપક્ષે ચાલવા દીધી નથી. અમે તો બધા જ મુદ્દા પર ચર્ચા કરવા તૈયાર હતા. તેમણે કહ્યું કે કોંગ્રેસ એન્ડ પાર્ટીએ સુનિયોજિત રીતે સંસદમાં શોરબકોર-બૂમબરાડા કરીને સંસદની કાર્યવાહીમાં અવરોધ ઊભો કરીને સંસદ ચાલવા દીધી નથી. તેમણે કોંગ્રેસ પાર્ટીને આહ્વાન કરતાં કહ્યું કે સંસદની વાત જવા દો, હું જનતાની સંસદમાં ઊભો છું, આપ જ્યાં ચર્ચા કરવા ઇચ્છો ત્યાં ચર્ચા કરવા માટે અમે તૈયાર છીએ. તેમણે કહ્યું કે અમે ચર્ચાથી ડરતા નથી, કારણ કે અમારી પાસે છુપાવવા જેવું કાંઈ છે જ નહીં.

શ્રી અમિતભાઈ શાહે કહ્યું કે મહારાષ્ટ્રમાં પહેલાં કોંગ્રેસ સરકાર હતી, કેન્દ્રમાં કોંગ્રેસની સરકાર હતી, અને બંને જગ્યાએ કોંગ્રેસની સરકાર ભ્રષ્ટાચારનું પ્રતીક બની ગઈ હતી. તેમણે કહ્યું કે સોનિયા-મનમોહનની યુપી સરકાર વખતે ૧૨ લાખ કરોડ રૂપિયાના ધપલા-ગોટાળા થયા, જે તે વખતે સમાચારપત્રોની હેડ લાઇનોમાં છપાતા હતા. તેમણે કહ્યું કે આજે શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના નેતૃત્વમાં ભાજપની સરકાર કેન્દ્રમાં છે અને મહારાષ્ટ્રમાં શ્રી દેવેન્દ્ર ફડણવીસના નેતૃત્વમાં ભાજપની સરકાર છે અને બંને સરકારો પર ગોટાળા-ભ્રષ્ટાચારનો એક પણ આરોપ નથી. તેમણે કહ્યું કે ભાજપાએ પારદર્શી સરકાર આપવાનું કામ કર્યું છે. તેમણે કહ્યું કે મહારાષ્ટ્રમાં કોંગ્રેસની સરકાર વખતે કોંગ્રેસ સરકારની ખેડૂતવિરોધી નીતિના કારણે ખેડૂતો આત્મહત્યા કરવા માટે લાચાર બનતા હતા, જ્યારે શ્રી દેવેન્દ્ર

ફડણવીસના નેતૃત્વમાં ભાજપાની સરકારમાં ખેડૂતોની આત્મહત્યાના કિસ્સાઓમાં ખૂબ ઘટાડો થયો છે. તેમણે કહ્યું કે ઔદ્યોગિક નિવેશ, ખેડૂતોને ખેતરમાં પાણી પહોંચાડવું, ભ્રષ્ટાચાર વિહીન સરકાર ચલાવવી, અને ઇંદુ મિલમાં બાબાસાહેબ ભીમરાવ આંબેડકરનું સ્મારક નિર્માણ કરવાનું કામ ભાજપાની શ્રી નરેન્દ્રભાઈ મોદી સરકાર અને શ્રી દેવેન્દ્ર ફડણવીસ સરકારે કર્યું છે.

તેમણે કહ્યું કે ૨૦૧૯ની લોકસભા ચૂંટણીનું કાઉન્ટડાઉન શરૂ થઈ ગયું છે. તેમણે કહ્યું કે શ્રી નરેન્દ્રભાઈ મોદીજી રૂપી પૂરથી બચવા માટે બધા વિપક્ષી દળો એક થઈને ઊભા રહ્યા છે. તેમણે કહ્યું કે હું આજે કાર્યકર્તાઓને આહ્વાન કરવા આવ્યો છું કે આપણે ૨૦૧૯ની લોકસભા ચૂંટણી નારાબાજી અને જૂઠાં વાયદા-વચનો પર નહીં, પણ સંગઠન અને મોદી સરકારના કામકાજના આધાર પર જીતવી છે. તેમણે કાર્યકર્તાઓને અપીલ કરતાં કહ્યું કે શ્રી નરેન્દ્રભાઈ મોદી સરકારની ગરીબ-કલ્યાણ માટેની યોજનાઓનો સંદેશ ઘેર ઘેર પહોંચાડે અને ચૂંટણી માટે સંકલ્પબદ્ધ બની જાય.

શ્રી અમિતભાઈ શાહે કહ્યું કે કોંગ્રેસ પાર્ટી લોકસભાની બે બેઠકો પર આપણે હાર્યા તેથી મીઠાઈઓ વહેંચી રહી છે. તેમણે કહ્યું કે આપણે તો ફક્ત લોકસભાની બે બેઠકો જ હાર્યા છીએ પણ તેમની તો ડિપોઝિટ જપ્ત થઈ છે. તેમણે કહ્યું કે મેં મારા જીવનમાં એવી કોઈ પાર્ટી નથી જોઈ જેણે પોતાની ડિપોઝિટ જપ્ત થયા પછી પણ મીઠાઈ વહેંચી હોય. તેમણે કહ્યું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈના નેતૃત્વમાં ૨૦૧૪ પછી દેશમાં થયેલી લગભગ બધી ચૂંટણીઓમાં ભાજપાની જીત થઈ છે અને કોંગ્રેસ પાર્ટીની હાર થઈ છે. તેમણે કહ્યું કે આજે દેશમાં ૨૦ રાજ્યોમાં ભારતીય જનતા પાર્ટી અને ભાજપા તથા સહયોગીઓની સરકારો છે. દેશના ૬૮ ટકા ભૂભાગ પર તથા ૭૦ ટકા વસ્તી પર ભાજપા જનતાની સેવામાં અહર્નિશ રત રહી છે. તેમણે કાર્યકર્તાઓને આહ્વાન કરતાં કહ્યું કે આ ભાજપાનો સુવર્ણકાળ નથી, ભાજપાનો સુવર્ણકાળ ત્યારે થશે જ્યારે ઓડિશા અને બંગાળમાં આપણી સરકાર બનવાની સાથે સાથે ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં ભાજપા પૂર્ણ બહુમતથી વિજય પ્રાપ્ત કરે અને એનડીએની સરકાર બને. તેમણે કાર્યકર્તાઓને શ્રી નરેન્દ્રભાઈ મોદી સરકાર અને દેવેન્દ્ર ફડણવીસ સરકારની ઉપલબ્ધિઓને ઘેર ઘેર પહોંચાડવાનું આહ્વાન કરતાં કહ્યું કે મહારાષ્ટ્રમાં પણ ફરીથી એનડીએની સરકાર બનાવવા માટે આપ તૈયાર થઈ જાવ. તેમણે કહ્યું કે શ્રી નરેન્દ્રભાઈ મોદીજીનું મિશન છે કે ૨૦૨૨ સુધી દેશને ગરીબી, બેરોજગારી, અંધકાર અને ધુમાડાથી મુક્તિ અપાવવી, આપણે બધા આ મિશનને પાર પાડવા કટિબદ્ધ થઈએ અને ન્યૂ ઇન્ડિયાનો માર્ગ પ્રશસ્ત કરીએ.

## રાહુલ ખોટું બોલીને નફરત ફેલાવી રહ્યા છે : શ્રી અમિતભાઈ શાહ

**ભાજપા અધ્યક્ષ શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે રાહુલ ગાંધી ખોટું બોલીને નફરત ફેલાવવી રહ્યા છે. રાહુલે તાજેતરમાં જ કર્ણાટકની ચૂંટણીસભામાં કહ્યું હતું કે એસસી/એસટી કાયદો રદ કરવામાં આવ્યો છે અને તેમ છતાં શ્રી નરેન્દ્રભાઈ મોદી સરકાર ચૂપ છે. શ્રી અમિતભાઈ શાહે રાહુલને હોલકરેમાં થયેલી સભાનો વીડિયો ટ્વિટર પર શેર કર્યો છે. જેમાં તેઓ સરકાર દલિતો પર અત્યાચાર કરે છે તેવો આરોપ લગાવી રહ્યા છે. શ્રી અમિતભાઈ શાહે વીડિયો શેર કરી કહ્યું હતું કે આ ખોટું-હળાહળ ખોટું છે. જુઓ કેવી રીતે રાહુલ ગાંધી સમાજમાં નફરત ફેલાવવાના ઈરાદે એસસી/એસટીની ખોટી જાણકારીઓ ફેલાવી રહ્યા છે. ભાજપા અધ્યક્ષ શ્રી અમિતભાઈ શાહ ઓરિસ્સા યાત્રા પર પહોંચ્યા હતા જ્યાં ભવાની પટનામાં રેલી દરમિયાન તેમણે કહ્યું હતું કે કેન્દ્ર સરકાર એસસી/એસટીને મળતી અનામતને ક્યારેય નાબૂદ નહીં કરે અને તેમ કોઈને કરવા પણ દેશે નહીં.**

**શ્રી અમિતભાઈ શાહે ઓરિસ્સાના બલાંગીરની જનસભામાં કહ્યું કે, છેલ્લાં ૧૮ વર્ષથી સત્તામાં હોવા છતાં પ્રદેશ સરકાર લોકોની જરૂરિયાતો પૂરી કરવામાં નિષ્ફળ રહી છે. તેમણે પટનાયકને બળેલા ટ્રાન્સફોર્મરની જેમ ઉખાડી ફેંકવા કહ્યું, અને એમ પણ કહ્યું કે પટનાયક સરકાર હિંસાત્મક થઈ ગઈ છે. શ્રી અમિતભાઈ શાહે બલાંગીર જિલ્લાના દેવગામમાં દલિત મહેશ્વર સુનાના ઘરે ઓરિસ્સાનું પરંપરાગત ભોજન લીધું હતું. તેમની સાથે કેન્દ્રીય મંત્રી શ્રી ધર્મેન્દ્ર પ્રધાન, ભાજપા પ્રભારી શ્રી અરૂણ સિંહ, પ્રદેશ અધ્યક્ષ શ્રી બસંત પડા પણ હતા.**

●

# સમગ્ર ગુજરાતમાં ભાજપાના લાખો કાર્યકરો તથા સમર્થકો દ્વારા અનેરા ઉત્સાહ સાથે ભાજપાના ૩૮મા સ્થાપના દિનની ઉજવણી



**પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમિતભાઈ શાહના નેતૃત્વમાં ભાજપા સમગ્ર દેશ અને વિશ્વમાં નવી ઉંચાઈઓ પર પહોચી છે**
**- શ્રી જીતુભાઈ વાઘાણી**



સમગ્ર ગુજરાતમાં ભાજપાના લાખો કાર્યકરો તથા સમર્થકોએ અનેરા ઉત્સાહ સાથે ભાજપાના ૩૮મા સ્થાપના દિનની ઉજવણી કરી હતી. ગુજરાતનાં તમામ બુથો પર ભાજપા બુથ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. ભાજપા બુથ યાત્રાના માધ્યમથી કાર્યકરો દ્વારા ભાજપાની વિચારધારા, વિકાસયાત્રા તેમજ ભાજપાના ઇતિહાસના વર્ણન સાથેની પત્રિકાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. ભાજપાના પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઈ વાઘાણી, મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ સહિત ભાજપા સંગઠનના તમામ પદાધિકારીશ્રીઓ અને મંત્રીશ્રીઓ ભાજપા સ્થાપના દિનની ઉજવણી નિમિત્તે વિવિધ સ્થળોએ ઉપસ્થિત રહ્યા હતા.

ગોધરા ખાતે પંચમહાલ જિલ્લાના ભાજપા કાર્યાલયનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું તેમજ ભાજપા સ્થાપના દિનની ઉજવણી નિમિત્તે કાર્યકર સંમેલન યોજવામાં આવ્યું હતુ. જેમાં ભાજપાના પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઈ વાઘાણી, મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી, પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઈ દલસાણિયા, પ્રદેશ મહામંત્રીશ્રી શબ્દશરણભાઈ બ્રહ્મભટ્ટ, રાજય સરકારના મંત્રીશ્રીઓ શ્રી પ્રદીપસિંહ જાડેજા તથા શ્રી જયદ્રથસિંહ પરમાર તેમજ અન્ય આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. ત્યાં તેમણે ભાજપા જિલ્લા કાર્યાલયનું ખાતમુહૂર્ત કરી કાર્યકરોને સંબોધ્યા હતા.

શ્રી જીતુભાઈ વાઘાણીએ તેમના સંબોધનમાં સૌ કાર્યકર્તાઓને ''ભાજપા સ્થાપના દિન'' નિમિત્તે અભિનંદન આપતાં જણાવ્યુ હતું કે, ૧૯૮૦માં ભાજપાની સ્થાપના થઈ ત્યારથી લઈને આજ સુધી ભાજપાની સફળ યાત્રા લાખો કાર્યકર્તાઓના બલિદાન અને અથાગ પરિશ્રમને આભારી છે. દેશભક્તિ અને નેશન ફર્સ્ટની વિચારધારાને વરેલી આ પાર્ટી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઈ શાહના નેતૃત્વમાં સમગ્ર દેશ અને વિશ્વમાં નવી ઊંચાઈઓ પર પહોચી છે.

શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, છેવાડાના માનવીનો વિકાસ થાય તે પ્રકારની કેન્દ્ર અને રાજય સરકારની અનેક યોજનાઓના સફળ અમલીકરણ સાથે ભાજપા તેના ''રાષ્ટ્રહિત સર્વોપરી'' અને ''સેવા પરમો ધર્મ''ના મૂળ વિચાર સાથે નિરંતર આગળ વધી રહી છે. કોંગ્રેસ સમગ્ર દેશમાં પોતાના અસ્તિત્વ માટેની લડાઈ લડી રહી છે, જ્યારે ભાજપા રાષ્ટ્રહિત માટે કામ કરી રહી છે. ભાજપા સત્તા માટે નહી પરંતુ સેવાના ભાવ સાથે સમાજના અંતિમ માનવીનું પણ કલ્યાણ થાય તેવા ધ્યેય સાથે દેશનાં રાજ્યોમાં શાસન ચલાવી રહી છે આપણે સૌ જરૂરિયાતમંદ લોકો સુધી પહોંચીને, તેમની સેવા કરીને માનવતાની મહેક પ્રસરાવીએ. ભારતમાતા પરમ વૈભવના શિખર પર પહોંચે તેવા વિશ્વાસ અને સંકલ્પ સાથે આપણે સૌ સાથે મળીને આગળ વધીએ.

# કોંગ્રેસ સત્તા માટે જ્ઞાતિવાદ-જાતિવાદનું ઝેર સમાજમાં ફેલાવી ભાગલા પાડવાની રાજનીતિ કરી રહી છે, જ્યારે ભાજપા સમગ્ર દેશમાં 'જસ્ટીસ ફોર ઓલ, અપિઝમેન્ટ ફોર નન'ના મંત્ર સાથે કામ કરી રહી છે

## - શ્રી વિજયભાઈ રૂપાણી



મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ કાર્યકરોને સંબોધતાં જણાવ્યું હતું કે, ભાજપાની વિચારધારા સાંસ્કૃતિક રાષ્ટ્રવાદની છે. ભાજપાના કાર્યકર્તા હંમેશા 'વ્યક્તિ સે બડા દલ, દલ સે બડા દેશ'ના મંત્ર સાથે કાર્યરત હોય છે. દેશના ગરીબો અને વંચિતોના સેવાભાવ કાર્યો માટે ભાજપા સરકાર પ્રતિબદ્ધ છે. સમગ્ર ભારતવર્ષમાં સુખ, શાંતિ, સલામતી સાથે સૌનો સાથ સૌનો વિકાસના પથદર્શક તરીકે ભાજપ સરકારે વિશ્વમાં નામના મેળવી છે. ભાજપાની સ્થાપનાના મૂળમાં ભારત



માતાનું વિશ્વમાં ગૌરવ વધારવાનું છે. ભારતીય જનતા પાર્ટીએ વિકાસનાં નવાં કીર્તિમાન પ્રસ્થાપિત કરી ગુજરાતના અને દેશના લાખો કાર્યકર્તાઓ ગર્વ લઈ શકે તેવું સુશાસન આપ્યું છે. ભાજપા સ્થાપના દિને ભાજપાની વિચારધારા સમાન ભારત માતાના ગૌરવ માટેની કૂચ એ કર્તૃત્વનો જયઘોષ છે.

તેમણે જણાવ્યું હતું કે, કોંગ્રેસ સત્તા માટે જ્ઞાતિવાદ-જાતિવાદનું ઝેર સમાજમાં ફેલાવી ભાગલા પાડવાની રાજનીતિ કરી રહી છે, જ્યારે ભાજપા સમગ્ર દેશમાં 'જસ્ટીસ ફોર ઓલ, અપિઝમેન્ટ ફોર નન' ના મંત્ર સાથે દેશમાંથી ગરીબી, બેકારી અને ભ્રષ્ટાચાર દુર થાય તે માટે 'સૌનો સાથ સૌનો વિકાસ'ના મંત્ર સાથે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દૂરંદેશી આયોજન સાથે આગળ વધી રહી છે. કોંગ્રેસે નર્મદા યોજનામાં અનેક અવરોધો ઊભા કર્યા જેના કારણે રૂપિયા ૭૦૦૦ કરોડના ખર્ચે પૂર્ણ થનાર નર્મદા કરોડનો ખર્ચ ૫૫,૦૦૦ કરોડના ખર્ચે પહોચ્યો છે. કેન્દ્રમાં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સત્તા સંભાળ્યા બાદ ૧૭ જ દિવસમાં નર્મદા ડેમ પર દરવાજા બેસાડવાની મંજૂરી આપી હતી, જેના પરિણામે દરિયામાં વહી જતું હજારો ક્યુસેક પાણી ખેડૂતોનાં ખેતરો સુધી પહોંચ્યું છે.

મુખ્યમંત્રીશ્રીએ અંતમાં જણાવ્યું હતું કે, રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઈ શાહના કુશળ સંગઠનાત્મક માર્ગદર્શનના આધારે અને સમગ્ર દેશના લાખો કાર્યકરોના પરિશ્રમને લીધે ભાજપા આજે વિશ્વની નંબર-૧ પાર્ટી બની છે.ભાજપા સાંસ્કૃતિક રાષ્ટ્રવાદ, સર્વધર્મ સમભાવ, મૂલ્યનિષ્ઠ રાજનીતિ અને લોકતંત્રમાં વિશ્વાસ સાથે સામાજિક સમરસતા માટે સમગ્ર દેશમાં કામ કરી રહી છે. ભાજપા સત્તા આધારિત નહિ પરંતુ વિચાર આધારિત પાર્ટી છે. •

# ગુજરાત રાજ્ય બિનઅનામત વર્ગોના આયોગની કચેરીનો કાર્યારંભ

## આ વર્ષનાં બજેટમાં રૂા. ૫૦૬ કરોડની વિશેષ જોગવાઈ

## સામાજિક સમરસતા સાથે સૌનો સાથ સૌનો વિકાસનો ધ્યેયમંત્ર પાર પાડવો છે - મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી




મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં ગુજરાત રાજ્ય બિનઅનામત વર્ગોના આયોગની કચેરીનો કાર્યારંભ કરાવતાં સામાજીક સમરસતાના ધ્યેય સાથે સૌના સાથ સૌના વિકાસ માટેની પ્રતિબદ્ધતાનો પૂનરોચ્ચાર કર્યો હતો.

શ્રી વિજયભાઈ રૂપાણીએ કહ્યું કે, રાજ્યની બિનઅનામત વર્ગોની ૫૮ જેટલી વિવિધ જ્ઞાતિઓના સર્વાંગી ઉત્થાન, રોજગારી અને શિક્ષણની વધુ તકો ઉપલબ્ધ કરાવવા રાજ્ય સરકારે બિનઅનામત વર્ગોના આયોગ સાથે બિનઅનામત વર્ગ શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમની પણ રચના કરી છે.

શ્રી વિજયભાઈ રૂપાણીએ કહ્યું કે, રાજ્યની બિનઅનામત વર્ગોની ૫૮ જેટલી વિવિધ જ્ઞાતિઓના સર્વાંગી ઉત્થાન, રોજગારી અને શિક્ષણની વધુ તકો ઉપલબ્ધ કરાવવા રાજ્ય સરકારે બિનઅનામત વર્ગોના આયોગ સાથે બિનઅનામત વર્ગ શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમની પણ રચના કરી છે. તેમણે જણાવ્યું કે, બિનઅનામત વર્ગોના આયોગની આ કચેરીનો કાર્યારંભ થવાથી હવે, બિનઅનામત વર્ગોના પરિવારોની આર્થિક-સામાજિક સ્થિતિનો અભ્યાસ-સર્વે કરીને તેમના વિકાસ માટેની કલ્યાણ યોજનાઓ ઘડશે તથા રાજ્ય સરકારને તેના અમલ માટે ભલામણ કરશે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ કહ્યું કે, આ વર્ષના બજેટમાં રૂ. ૫૦૬ કરોડની વિશેષ જોગવાઈ ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ માટે રાજ્ય સરકારે કરી છે તેમજ આયોગ માટે રૂ. ૧.૨૮ કરોડનું પ્રાવધાન કર્યું છે.

•

**રાજ્યની બિનઅનામત વર્ગોની ૫૮ જેટલી વિવિધ જ્ઞાતિઓના સર્વાંગી ઉત્થાન, રોજગારી અને શિક્ષણની વધુ તકો ઉપલબ્ધ કરાવવા રાજ્ય સરકારે બિનઅનામત વર્ગોના આયોગ સાથે બિનઅનામત વર્ગ શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમની પણ રચના કરી**

**નર્મદા યોજના પૂરી કરવાનું શ્રેય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીને જ જાય છે**



# નર્મદા વિરોધી મેઘા પાટકરની પંગતમાં બેસનારી કોંગ્રેસ ગુજરાત વિરોધી છે - મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી



મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ નર્મદા યોજનાનો પહેલેથી જ વિરોધ કરી રહેલા મેઘા પાટકરની પંગતમાં બેસી તેમનું સમર્થન કરનારી કોંગ્રેસને ગુજરાત વિરોધી ગણાવી છે.

શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું કે, નર્મદા યોજના પૂરી થઈ જતાં ગુજરાતના વિકાસનાં દ્વાર ખૂલી ગયાં તે નહિં જોઇ શકનારા વિકાસવિરોધી લોકો યેનકેન પ્રકારેણ નર્મદા યોજનાનો વિરોધ કરતા રહ્યા છે.

આવા જ એક વિરોધી અને નર્મદા યોજના પૂરી જ ના થાય તેવા અંતિમ લક્ષ્ય સાથે કાર્યરત મેઘા પાટકરનું સમર્થન ગુજરાત કોંગ્રેસના પ્રભારી રાજીવ સાતવે કરે અને પત્ર તેમજ ટવીટ દ્વારા મેઘાને ટેકો જાહેર કરતાં આ યોજનાને વિકાસના નામે માનવ અધિકારોનું હનન કરતી યોજના કહે તે એમની પાટીની ગુજરાત વિરોધી માનસિકતા બતાવે છે તેમ મુખ્યમંત્રીશ્રીએ કોંગ્રેસને આડે હાથ લેતાં જણાવ્યુ હતું.

આ વલણ માત્ર યોજના વિરોધી નહીં પરંતુ ગુજરાત વિરોધી માનસિકતા દર્શાવે છે. મેઘા પાટકર સાથેના કોંગ્રેસના પ્રાદેશિક નેતાઓના સબંધો તેમજ રાષ્ટ્રીય કક્ષાએ પણ કોંગ્રેસના નેતાઓની નર્મદાવિરોધી અને ગુજરાતના વિકાસવિરોધી માનસિકતા રહી છે. કોંગ્રેસ નેતા પરેશ ધાનાણીએ મેઘા પાટકરના કારણે પુનઃવસન થયું છે તેમ જણાવી તેમની નર્મદા યોજના અને ગુજરાત વિકાસ વિરોધની માનસિકતા પ્રગટ કરી છે. એમ તેમણે ઉમેર્યું હતું.

તેમણે જણાવ્યું કે ગુજરાતમાં ૧૯૮૭થી સતત પુનઃવસનનુ કામ થયુ છે. વિસ્થાપિતોને કરોડો રૂપિયાની ચુકવણી કરવામાં આવી છે. આમાં ઊલટું ચોર કોટવાલને દંડે તેવી નીતિ કોંગ્રેસ અપનાવી રહી છે. કોગ્રેસના પાપે નર્મદા યોજના ૧૯૮૭માં રૂપિયા ૭૦૦૦ કરોડના ખર્ચે પૂર્ણ થઈ હોત પરંતુ કોંગ્રેસની વિરોધી નીતિના કારણે આજે નર્મદા યોજનાનો ખર્ચ રૂપિયા ૫૫ હજાર કરોડે પહોચ્યો છે. તેનો જવાબ ગુજરાતની જનતાને કોંગ્રેસ આપે.

નર્મદા યોજના આડે મેઘા પાટકરે સમગ્ર દુનિયામાં હોબાળો કર્યો કારણ નર્મદા યોજનાનો જશ તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને દેશના હાલના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી તથા ભાજપને ના મળે પરંતુ ગુજરાતનું સદ્નસીબ છે કે, નરેન્દ્રભાઈ મોદી વડાપ્રધાન બન્યા અને શાસનધુરા સંભાળ્યાના માત્ર સત્તર જ દિવસમાં નર્મદા ડેમ ઉપર દરવાજા બેસાડવાની મંજૂરી આપી.

કોંગ્રેસની સરકારમાં સાત વર્ષ સુધી ડેમ પર દરવાજા બેસાડવાની મંજૂરી ન આપી જેથી કરોડો ક્યુશેક પાણી દરિયામાં વેડફાઈ ગયું. જો દરવાજા બેસાડવાની મંજૂરી સમયસર મળી હોત તો આ પાણી ખેડૂતોને સિંચાઈ માટે મળ્યું હોત. આ વાતથી લાજવાને બદલે કોંગ્રેસ ગુજરાતવિરોધી મેઘા પાટકરનું સમર્થન કરીને ગાજે છે, તેમ પણ તેમણે કહ્યું હતું.



**શ્રીમતી મેઘા પાટકરે હંમેશા ગુજરાતના વિકાસ અને ખેડૂતોવિરોધી કૃત્યો કર્યાં છે. ગુજરાતે વર્ષોથી મેઘા પાટકર સામે લડાઈ લડી છે - શ્રી જીતુભાઈ વાઘાણી**

પ્રદેશ પ્રમુખશ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, શ્રીમતી મેઘા પાટકરે હંમેશા ગુજરાતના વિકાસ અને ખેડૂતોવિરોધી કૃત્યો કર્યાં છે. ગુજરાતે વર્ષોથી મેઘા પાટકર સામે લડાઈ લડી છે. નર્મદા માટે ગુજરાતે સુપ્રીમ કોર્ટ સુધી લડવાનું થયું હોય તો તે માત્ર ને માત્ર મેઘા પાટકરના પાપે જ થયું છે. સમગ્ર કોંગ્રેસ તેમજ વિપક્ષના નેતા ગુજરાતના નવનિયુક્ત પ્રભારીને વ્હાલા થવા માટે આવી હલકી કક્ષાનાં નિવેદનો કરીને કોંગ્રેસે પોતાનું પોત પ્રકાશ્યું છે.

શ્રી જીતુભાઈ વાઘાણીએ વધુમાં જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી મુખ્યમંત્રી તરીકે અને હવે વડાપ્રધાન તરીકે નર્મદા માટે ખૂબ મોટી લડાઈ લડ્યા છે, ખૂબ સંઘર્ષો કર્યા છે. ગુજરાત રાજ્યની જીવાદોરી સમાન નર્મદા યોજના પૂર્ણ થાય તે માટે ઉપવાસ પર ઊતર્યા હતા, આંદોલનો કર્યાં હતાં, સાધુસંતો-સામાજિક સંસ્થાઓ તેમજ ગુજરાતની જનતાને સાથે રાખી નર્મદા યોજનાને ઝડપથી પૂરી કરવાના પ્રયાસો શ્રી નરેન્દ્રભાઈએ કર્યા તે ગુજરાત અને દેશની જનતા જાણે છે. દેશના વડાપ્રધાન બનતાં જ માત્ર ૧૭મા દિવસે શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દરવાજા મૂકવાની મંજૂરી આપી દીધી હતી. કોંગ્રેસે સાત-સાત વર્ષ સુધી મંજૂરી આપી નહોતી. માત્ર ને માત્ર ભાજપાને નર્મદા યોજનાનો જશ ન મળે તે માટે ગુજરાતની જમીન અને જનતાને તરસ્યા રાખવાનું મહાપાપ કોંગ્રેસે કર્યું છે.

શ્રી જીતુભાઈ વાઘાણીએ કોંગ્રેસને આડે હાથ લેતાં જણાવ્યું હતું કે, કોંગ્રેસ હવે ગુજરાતની જનતાની લાગણીઓ, ગુજરાતના વિકાસ અને નર્મદાની આડે ન આવે, કોંગ્રેસ ષડયંત્રો રચવાનું બંધ કરે, દેશની સંસદમાં કોંગ્રેસના નેતાઓ હજુ પણ નર્મદા યોજનાને ખોરંભે ચડાવવાનાં કાવતરાં કરે છે તેને બંધ કરે. નર્મદા બંધના દરવાજા જ્યારે બંધ થવાના હતા તેના બે દિવસ અગાઉ કોંગ્રેસના વરિષ્ઠ નેતા અર્જુન મોઢવાડિયા ચોરીછૂપીથી નર્મદાના વિસ્થાપિતોને મળવા જાય અને તેના બે દિવસ પછી ગુજરાત વિરોધી અને નર્મદા વિરોધી મેઘા પાટકર ગુજરાતમાં ઘૂસવાનો પ્રયાસ કરે અને ગુજરાતમાં તોફાનો થાય, શાંતિ ડહોળાય, ગુજરાતનો વિકાસ રૂંધાય તેવા પ્રયાસો કરનારનો કોંગ્રેસ આભાર માને તે ખૂબ જ દુઃખદ બાબત છે.

કોંગ્રેસ ગુજરાતની જનતાને છેતરવા નીકળી છે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી અને રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઈ શાહે ગુજરાતનાં પાડોશી રાજ્યો સાથે સંકલનનું કામ કર્યું અને રાજ્યની સરકારે બંધના દરવાજા લગાવીને બંધ કરવાનું કામ કર્યું. તેનો યશ ભાજપાને ન મળે તે માટે કોંગ્રેસ મેઘા પાટકર અને રાજીવ સાતવ માટે અભિનંદનનાં નિવેદનો કરે તે ગુજરાતની જનતા ક્યારેય સાંખી નહીં લે અને ૨૦૧૯માં ગુજરાતની જનતા કોંગ્રેસને ચોક્કસથી જવાબ આપશે તેવો આત્મવિશ્વાસ શ્રી વાઘાણીએ વ્યક્ત કર્યો હતો અને કોંગ્રેસને ચીમકી આપી હતી કે નર્મદાના વિરોધમાં હવે એક પણ ડગલું કોંગ્રેસ આગળ વધશે તો અમારે આંદોલનો કરવાં પડશે.

**કોંગ્રેસનું ડીએનએ હંમેશા 'એન્ટી નર્મદા' અને 'એન્ટી ગુજરાત' રહ્યુ છે - શ્રી ભરત પંડ્યા**

**કોંગ્રેસનું ડીએનએ હંમેશા 'એન્ટી નર્મદા' અને 'એન્ટી ગુજરાત' રહ્યુ છે. કોંગ્રેસના વાણી, વર્તન અને વ્યવહાર હંમેશા નર્મદા અને ગુજરાત વિરોધી રહ્યાં છે. યુપીએની કેન્દ્ર સરકારના જળ સંશાધન મંત્રીશ્રી સૈફુદિન સોજે નર્મદા બંધની ઉંચાઈ વધારવાના વિરોધમાં એફીડેવીટ કર્યા હતા ત્યારે, તેના વિરોધમાં તે સમયે ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ઉપવાસ પર ઉતરવુ પડ્યું હતુ તે બાબત ગુજરાતની પ્રજા ભુલી નથી. યુપીએના ૧૦ વર્ષના શાસનમાં અનેક વખત રજુઆતો બાદ પણ નર્મદા ડેમનાં દરવાજા મુકવાની મંજુરી કોંગ્રેસે અટકાવી રાખી હતી અને શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પ્રધાનમંત્રી બન્યાં પછી ૧૭માં દિવસે નર્મદા ડેમના દરવાજાની મંજુરી આપી હતી. તે ગુજરાતની પ્રજા સુપેરે જાણે છે. નર્મદાના લોકાર્પણ વખતે ગુજરાતની જનતા આનંદમાં હતી ત્યારે કોંગ્રેસ મરસીયા ગાતી હોય તેમ શોકમાં ડુબી ગઇ હતી તે ગુજરાતની પ્રજાએ અનુભવ્યું છે. કોંગ્રેસના લોકસભાના સાંસદ જ્યોતિરાદિત્ય સિંધિયાજીએ અને રાજ્યસભાના સાંસદ દિગ્વિજયસિંહે હજુ પણ સંસદમાં વિરોધ ચાલુ જ રાખ્યો છે તે ગુજરાતની પ્રજા ભુલી શકી નથી.**

# ગુજરાત સંપૂર્ણ નિષ્ઠાથી પૂર્ણ સરદારભક્તિથી સરદાર પટેલની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા-સ્ટેચ્યુ ઓફ યુનિટીના સંકલ્પને સાકાર કરશે
## - નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ





નાયબ મુખ્ય મંત્રી શ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું કે, ગુજરાત સંપૂર્ણ નિષ્ઠાથી અને પૂરેપૂરી સરદારભક્તિથી સરદાર પટેલની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા-સ્ટેચ્યુ ઓફ યુનિટીના સંકલ્પને સાકાર કરશે. તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના પનોતા પુત્ર અને દેશની એકતા અને અખંડિતતાના શિલ્પી એવા સરદાર વલ્લભભાઈ પટેલની વિશ્વની સૌથી ઊંચી એટલે કે ૧૮૨ મીટરની પ્રતિમા સરદાર સાહેબના સપના સમા સરદાર સરોવરની સામે જ સ્થાપવાનો સંકલ્પ લીધો હતો. તેમના આ સંકલ્પને સાકાર કરવા ગુજરાત કટિબદ્ધ છે. તેમણે એમ પણ જણાવ્યું હતું કે, ગુજરાત વિધાનસભા ગૃહના ૧૮૨ સભ્યો સરદાર સાહેબની ૧૮૨ મીટર ઊંચી પ્રતિમાને સાકાર કરવા સંકલ્પબદ્ધ થયા છે એ ગુજરાતના સંસ્કાર છે એ ગુજરાતની રાષ્ટ્રભક્તિ છે, સરદાર સાહેબને શ્રેષ્ઠ શ્રદ્ધાંજલિ છે.

ભારતના પ્રથમ જ્યોતિર્લિંગ એવા સોમનાથ મંદિરનો જીર્ણોદ્ધાર પણ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રેરણાથી જામનગરના મહારાજા સહિત ઉદ્યોગપતિઓના સહયોગથી ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્ર પ્રસાદની ઉપસ્થિતિમાં કરાયો હતો.

શ્રી નીતિનભાઈ પટેલે ઉમેર્યું કે, ગુજરાતના પનોતા પુત્ર અને દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની સ્મૃતિમાં સાધુબેટ ખાતે વિરાટ પ્રતિમા-સ્મારક નિર્માણ કરવાનું સપનું ૨૦૧૦માં જોયું હતું. એને સાકાર કરવા રાજ્ય સરકારે ટોચઅગ્રતા આપીને કામ શરૂ કર્યું છે, જેનાં કામો સરદાર સરોવર નિગમને સોંપ્યાં છે તે કામો પ્રગતિમાં છે. આ ૧૮૨ મીટરની વિરાટ પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટીના નિર્માણનું કાર્ય વર્ષ ૨૦૧૯માં પૂર્ણ કરવામાં આવશે. આ નિર્માણકાર્ય એલ એન્ડ ટી કંપનીને સોંપવામાં આવ્યું છે. ચાઈનાની કંપનીને આ કામ સોંપવામાં આવ્યું છે તેવા આક્ષેપનું ખંડન કરતાં મંત્રીશ્રીએ કહ્યું કે, સ્ટેચ્યુ ઓફ યુનિટીના નિર્માણનાં મોટાભાગનાં કામો ભારતીય કંપની દ્વારા હાથ ધરવામાં આવ્યાં છે.

તેમણે ઉમેર્યું કે, સાધુબેટ ખાતે નિર્માણ થનાર આ સ્ટેચ્યુ ઓફ યુનિટીની પ્રતિમામાં ડિજિટલ સેન્ટર, મેમોરિયલ સેન્ટર, શ્રેષ્ઠ ભારત ભવન, સરદાર પટેલ જીવનકવનનું સંગ્રહાલય, ૪૫૦ ફીટ ઉપર વિઝ્યુઅલ ગેલેરી જેવાં આકર્ષણો લોકો માટે ધ્યાન કેન્દ્રિત કરશે. આ પ્રતિમા પવન, ભૂકંપ સહિતની કુદરતી આફતો સામે ટકી શકે તેવી મજબૂત પ્રતિમા બનશે.

ધારાસભ્ય શ્રી જગદીશ પંચાલે સંકલ્પ રજૂ કરતાં કહ્યું કે, ભારત માતાના પનોતા પુત્ર લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલે પોતાની વહીવટી કુનેહ, આત્મસૂઝ અને દૃઢ નિર્ણયશક્તિના બળે રજવાડાંઓને એક છત હેઠળ લાવી અશક્યને શક્ય બનાવી એક અખંડ ભારતનું નિર્માણ કર્યું. આવા મહાન સપૂતની યાદમાં સરદાર સરોવર યોજનાના બંધના સ્થળેથી આશરે ૩ કિ.મી. દૂર હેઠવાસમાં નર્મદા નદીમાં આવેલ સાધુબેટ ઉપર ૧૮૨ મીટરની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સાથેના સ્મારકના નિર્માણનો સરકારે જે સંકલ્પ કર્યો છે તે ખરેખર પ્રશંસનીય છે. રાષ્ટ્રીય સ્મારક નિર્માણ સાથે પ્રતિમા તથા હયાત રસ્તાને જોડતો પુલ, રાષ્ટ્રીય સ્મારકથી કેવડિયા સુધી પાકો રસ્તો બનાવાશે. દુનિયામાં હાલની પ્રતિમાઓ કરતાં સૌથી ઊંચી એટલે કે, ૧૮૨ મીટરની ઊંચાઈ ધરાવતી પ્રતિમા સ્થાપિત કરવા માટે ક્વોલિટી એન્ડ કોસ્ટ બેઈઝ પ્રવૃત્તિ તેમજ આંતરરાષ્ટ્રીય અનુભવ ધરાવતા નિષ્ણાત ઈજનેરોની મદદ પણ લેવાશે. આ સ્મારકના નિર્માણકાર્યમાં ભારતના દરેક ગામમાંથી વપરાયેલાં ખેતઓજારોના એકઠા કરેલા લોખંડના ઉપયોગની સાથે ભારતના ખેડૂતોની ભાવનાને પણ લક્ષમાં લેવામાં આવી છે.

સીમાચિહ્ન રૂપ આ પ્રતિમા તથા રાષ્ટ્રીય સ્મારકના નિર્માણકાર્ય સાથે આસપાસના આદિવાસી વિસ્તારોમાં પ્રવાસનની સવલતોનો વિકાસ થશે અને પરિણામે સ્થાનિક આદિવાસી લોકોને આજીવિકાનાં સાધનો ઉપલબ્ધ થશે. આથી આ આઈકોન બેઈઝ્ડ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ પૂર્ણ થશે ત્યારે તે વિશ્વનાં મહાનતમ સ્થળોની ગણનામાં સ્થાન પામશે. •



# લોકશાહીના મંદિરમાં પ્રજાનો અવાજ સર્વોપરી રહ્યો - સંસદીય મંત્રીશ્રી પ્રદીપસિંહ જાડેજા



સંસદીય રાજ્ય મંત્રીશ્રી પ્રદીપસિંહ જાડેજાએ જણાવ્યું છે કે ભારતીય જનતા પાર્ટીની સરકાર જે કહે છે તે કરે જ છે. એટલા માટે છેલ્લાં ૨૨ વર્ષથી રાજ્યના છ કરોડથી વધુ નાગરિકોએ ગુજરાતનું શાસન ભારતીય જનતા પાર્ટીને સોંપ્યું છે. મુખ્ય મંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વ હેઠળ રાજ્ય સરકારે કરેલ વિકાસકામો અને પ્રજાકીય હિતના પ્રશ્નોને વાચા આપવાના કારણે ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓમાં સતત છઠ્ઠી વાર વિજયી બનાવીને અમને જે જવાબદારી સોંપી છે ત્યારે રાજ્યના નાગરિકોને મળતી સવલતો અને વિકાસયાત્રા વધુ વેગવાન બને તે માટે આ વર્ષના અંદાજપત્રમાં રૂા. ૧ લાખ ૮૬ હજાર કરોડની જંગી જોગવાઈ કરવામાં આવી છે.

મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે ૧૪મી ગુજરાત વિધાનસભાનું પ્રથમ સત્ર આજે સંપન્ન થયું છે. વિધાનસભાના સત્રના પ્રથમ દિવસે જ ગૃહના અધ્યક્ષ તરીકે શ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદીની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. સમગ્ર સત્ર દરમ્યાન લોકશાહીના આ મંદિરમાં પ્રજાનો અવાજ સર્વોપરી રહ્યો છે. રાજ્યના વિકાસ માટે વિપક્ષ દ્વારા જે હકારાત્મક સૂચનો કરાયાં છે તેનો સંપૂર્ણપણે અમલ કરવા રાજ્ય સરકાર પ્રયત્ન કરશે, જેના થકી નાગરિકોને વધુ સુખ સુવિધાઓ પૂરી પાડવામાં અમને માર્ગદર્શન મળશે. ભારતીય જનતા પાર્ટી દ્વારા સંકલ્પ પત્ર - ૨૦૧૭માં રજૂ કરાયેલ વિઝન તરફ આગળ વધવા અમારી સરકારે શુભારંભ કરી દીધો છે.

મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે આ સમગ્ર સત્ર દરમ્યાન વિધાનસભા ગૃહની ૨૮ બેઠકો મળી જેમાં પ્રજાના અનેક પ્રશ્નોનો પડઘો અને તેનો પ્રત્યુત્તર પ્રશ્નોત્તરીના માધ્યમથી અપાયો. સરકારની જુદા જુદા ક્ષેત્રની અનેક યોજનાઓ, પ્રજાના પ્રશ્નો તરફનો સરકારનો અભિગમ, પ્રશ્નોના નિકાલની અસરકારકતાનું મહત્તમ પ્રતિબિંબ પ્રશ્નોના પ્રત્યુત્તરમાં ઉજાગર થયું. સાથે સાથે ફી નિયમન કાયદા અંગે, ફૂડ સિક્યોરિટી અધિનિયમ હેઠળ સૌને અનાજ, રાજ્યમાં વધતી જતી બેરોજગારી, નર્મદા બંધના આયોજનના બાંધકામ ક્ષેત્રે રોકાયેલા શ્રમિકો માટે મકાન જેવા મુદ્દાઓ સંદર્ભમાં ગૃહમાં વ્યાપક ચર્ચાઓ હાથ ધરવામાં આવી અને રાજ્ય સરકાર દ્વારા સબંધિત વિભાગના મંત્રીઓએ ઝીણામાં ઝીણી વિગતો રજૂ કરી કેટલાક ખોટા આક્ષેપોનો જડબાતોડ જવાબ પણ આપ્યો હતો.

રાજ્યના મહાનગર સુરત શહેરમાં ૧૨ કરોડની હીરાની લૂંટનો ભેદ પોલીસતંત્રએ સતર્કતા દાખવી મુદ્દામાલ સહિત આરોપીઓને ઝડપી પાડી રાજ્યમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા રાજ્ય સરકારની કટિબદ્ધતાનો પુરાવો આપ્યો છે. આ ઉપરાંત રાજ્યના મહાનગર અમદાવાદ ખાતે પણ બેંક કેશવાનમાંથી રૂ.૯૮ લાખની ચોરી, આંગડિયા પાસેથી અઢી કરોડના હીરા અને રોકડ રકમની લૂટ તેમજ કડી ખાતેથી ૩૬ લાખની રોકડની લૂંટની ઘટનાનો ભેદ પણ ગુજરાત પોલીસે ઉકેલી તે તેની કટિબદ્ધતા બતાવે છે. જુદા જુદા સરકારી કામકાજ અને બિનસરકારી કામકાજના માધ્યમથી પ્રજાની આકાંક્ષા, અપેક્ષાઓ અને પ્રશ્નોનો પડઘો ગૃહમાં પડ્યો અને સરકારે તેના સકારાત્મક અભિગમથી પ્રશ્નોનો નિકાલ કરવાનો નિર્ધાર અને અમલીકરણ ગૃહમાં પ્રતિબિંબિત કર્યાં.

મંત્રીશ્રી જાડેજાએ કહ્યું હતું કે ખાસ કરીને આરોગ્ય, શિક્ષણ, કાયદો અને વ્યવસ્થા સુદૃઢ બનાવવા પોલીસદળનું આધુનિકીકરણ, પોલીસતંત્રમાં અગ્રિમતાના ધોરણે નવી ભરતી, ગુન્હા શોધક ફોરેન્સિક સાયન્સ માટે વ્યાપક જોગવાઈ, અનુસૂચિત જાતિ, જનજાતિ અને વનબંધુઓ માટે બજેટમાં વિશેષ જોગવાઈ, ગરીબી રેખા નીચેના લોકો માટે જીવનધોરણ સુધારવા માટેનું આયોજન, ખેડૂતોને પોષણક્ષમ ભાવો, ખાતર અને દવાઓની ઉપલબ્ધતા, જેનરિક દવાઓના સ્ટોરનો વ્યાપ વધારવા જેવી બાબતોને પ્રાધાન્ય આપી ભારતીય જનતા પક્ષના વિઝન ડોક્યુમેન્ટને બજેટમાં પ્રતિબિંબિત કરાયું. રોજગારીની તકો ઉપલબ્ધ કરવી, સરકારી નોકરીઓમાં નવી ભરતી, નાના અને મધ્યમ ઉદ્યોગો માટે વ્યાપક જોગવાઈ દ્વારા સ્વરોજગારીની તકો ઊભી કરવાનાં અનેકવિધ પગલાં સૂચવાયાં. નર્મદા યોજના માટે બજેટમાં જોગવાઈ ઉપરાંત કેન્દ્ર સરકાર દ્વારા ૧૧૦૦ કરોડની માતબર રકમની જાહેરાત કરાઈ, જે માટે રાજ્ય સરકાર માન. વડાપ્રધાનની ઋણી છે.

મંત્રીશ્રીએ કહ્યું કે સમગ્ર સત્ર દરમ્યાન રાજ્ય સરકાર દ્વારા અંદાજે ૧૩ સરકારી વિધેયકો રજૂ કરાયાં હતાં. આ પૈકી ગુજરાત માર્ગ સુરક્ષા સત્તામંડળની રચના કરતું વિધેયક ખેતીની જમીનના ટુકડાના એકત્રીકરણના સંદર્ભમાં દંડની જોગવાઈને

**પ્રદેશ પ્રમુખશ્રી જીતુભાઈ વાઘાણીએ ૧૪મી વિધાનસભાના પ્રથમ બજેટ સત્રને ઐતિહાસિક, નિષ્પક્ષ બનાવવા બદલ અધ્યક્ષશ્રી, મુખ્યમંત્રીશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રી, સંસદીય સચિવશ્રીઓ, દંડકશ્રી તેમજ સભ્યશ્રીઓને અભિનંદન પાઠવ્યાં**



પ્રદેશ પ્રમુખશ્રી જીતુભાઈ વાઘાણીએ ૧૪મી વિધાનસભાના પ્રથમ બજેટ સત્રને ઐતિહાસિક, નિષ્પક્ષ બનાવવા બદલ અધ્યક્ષશ્રી, મુખ્યમંત્રીશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રી, સંસદીય સચિવશ્રીઓ, દંડકશ્રી તેમજ સભ્યશ્રીઓને અભિનંદન પાઠવ્યાં હતાં.

તેમણે જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ મુખ્યમંત્રી તરીકે તેમજ વિશ્વની સૌથી મોટી રાજકીય પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઈ શાહે ગૃહ મંત્રી, સંસદીય મંત્રી, ધારાસભ્ય તરીકે શોભાવ્યું હતું તે વિધાનસભાના ઐતિહાસિક બજેટ ૧ લાખ ૮૩ હજાર કરોડના બજેટની મંજૂરી એ ઐતિહાસિક મંજૂરી છે. ખેડૂત, મહિલા, યુવાન, આદિવાસી, દલિત, વંચિત, બક્ષીપંચ આમ સૌ વર્ગને આવરીને ગુજરાતને વિકાસની નવી ઊંચાઈએ લઈ જવાની કટિબદ્ધતા દર્શાવતું ઐતિહાસિક બજેટ ભાજપ સરકારે રજૂ કર્યું છે . ખેડૂતોને ઝીરો ટકાના દરે લોનની સુવિધા, ગરીબોની ચિંતા, જનતાના આરોગ્ય માટેની સતર્કતા, વડીલોનું માન-સન્માન માટેના ઐતિહાસિક નિર્ણયો સકારાત્મક દૂરોગામી અસરો પેદા કરશે.

કોંગ્રેસે હંમેશની માફક નકારાત્મક વલણ દાખવી, સકારાત્મક ચર્ચાથી દૂર રહી, માત્ર ને માત્ર રાજનીતિ કરી છે.માત્ર રાજકીય અવલોકનો કરી, ગૃહની બહાર રહી, ચર્ચામાં ભાગ ન લઈને કોંગ્રેસના ચૂંટાયેલા પ્રતિનિધિઓ પ્રજાના પ્રશ્નો ગૃહમાં મૂકી શક્યા નથી કોંગ્રેસની નકારાત્મકતા ગુજરાતની પ્રજાએ ફરીથી એક વખત મીડિયાના માધ્યમથી જોઈ છે. કોંગ્રેસે લોકોના પ્રશ્નો, કામની ચિંતા વગર માત્ર રાજનીતિ કરી છે શ્રી જીતુભાઈ વાઘાણીએ કેગના અવલોકન મુદ્દે જણાવ્યું હતું કે ભાજપાએ હંમેશા પારદર્શિતાથી શાસન કર્યું છે, જનતા પ્રત્યે પ્રતિબદ્ધતા દર્શાવી છે. સંસદીય નિયમો અને પ્રણાલીનું અનુસરણ ભાજપાએ કર્યું છે.

જંત્રીની કિંમત સાથે સાંકળતું વિધેયક. ગુજરાત પોલીસ એક્ટની જોગવાઈ હેઠળ હોટેલ, રેસ્ટોરન્ટની નોંધણીની જોગવાઈ રદ કરતું વિધેયક. રાજ્યમાં વધુ ખાનગી યુનિવર્સિટીને માન્યતા આપતું વિધેયક. અનુસૂચિત જાતિ જનજાતિ અને અન્ય પછાત વર્ગોના જાતિ પ્રમાણપત્રની ખરાઈના સંદર્ભમાં વિધેયક. રજિસ્ટ્રેશન ધારામાં સુધારો કરી કુલ મુખત્યાર કરી કેટલાક ફરી જતા હોઈ તે અટકાવવાની જોગવાઈ. તથા કબજા વગરના પાવર ઓફ એટર્નીની ફરજિયાત નોંધણીની જોગવાઈ. જેવા વિધેયકો દ્વારા અનેક પ્રજાલક્ષી નિર્ણયો અમલીકરણ માટે કાયદાકીય જોગવાઈ કરાઈ.

અત્રે ઉલ્લેખનીય છે કે સત્ર દરમ્યાન સભ્યો તરફથી પણ અનેક મહત્ત્વના બિનસરકારી વિધેયકો અને સંકલ્પો રજૂ કરાયા. પ્રજાને સીધા સ્પર્શતા વિષયો પર શાસક પક્ષના સભ્યો દ્વારા અંદાજે ૧૦ વિધેયકો અને કોંગ્રેસ પક્ષના સભ્યો દ્વારા ૫ વિધેયકો દાખલ કરાયાં, જેમાં (૧) જાહેર સંપત્તિને થતા નુકસાન અને તોડફોડ અટકાવવા (૨) અશક્ત વ્યક્તિઓ માટે પુનઃ વસવાટ અને કલ્યાણ (૩) ઘરેલુ કામદારો અને વૃદ્ધ વ્યક્તિઓની દેખભાળ કરનારનું ફરજિયાત રજિસ્ટ્રેશન (૪) સ્માર્ટ સીટીઝ ડેવલપમેન્ટ ઓથોરિટીની રચના (૫) પોળ અને અન્ય હેરિટેજના બિલ્ડિંગના સંચાલન અને હેરીટેજ સ્ટ્રક્ચરની જાળવણી (૬) નાના કુટુંબને પ્રોત્સાહન આપવાની બાબત (૭) તીર્થસ્થાન અને ધાર્મિક શ્રદ્ધાકેન્દ્રને પવિત્ર ધામ જાહેર કરવા બાબતનો સમાવેશ થાય છે. ચાલુ સત્રમાં ગુજરાત ધોરી માર્ગ અકસ્માત નિવારણ, અવાજ પ્રદૂષણ, ગુજરાતી જોડણીનો સાચો ઉપયોગ, કેન્સરપીડિતો માટે માળખાકીય ફંડ માટેના વિષયોને આવરી લેતા બિનસરકારી વિધેયકો પર પણ સભાગૃહના સભ્યોએ અનેક ઉપયોગી સૂચનો ચર્ચા દરમ્યાન કર્યા.


જ્યારે બિનસરકારી સંકલ્પો દ્વારા પણ પ્રજાજીવનને સીધા સ્પર્શતા અનેક મુદ્દાઓ પર ગૃહે ચર્ચા-વિચારણા કરી કટિબદ્ધતા દર્શાવી. પારદર્શક, સંવેદનશીલ, નિર્ણાયક અને પ્રગતિશીલ સરકારે જ્ઞાતિ અને જાતિવાદના રાજકારણના રંગથી પર રહી સૌના સાથ અને સૌના વિકાસના મંતવ્ય ઉપર રજૂ થયેલા બિનસરકારી સંકલ્પ ઉપર ગૃહે વિગતવાર ચર્ચા કરી રાજ્ય સરકારની અનેક પ્રજાકલ્યાણલક્ષી યોજનાઓના નક્કર અમલીકરણ માટે કટિબદ્ધતા વ્યક્ત કરી. મુસ્લિમોને હજયાત્રા માટે મળતી સબસીડીની રકમ બંધ કરી આ રકમનો ઉપયોગ મુસ્લિમ યુવતીઓના શિક્ષણ અને સશક્તિકરણ માટે વાપરવા સબંધિત સંકલ્પ પર પણ ગૃહે ખૂબ જ ઉપયોગી ચર્ચા કરી અનેક સૂચનો કર્યા અને કેન્દ્ર સરકાર દ્વારા તેનું અમલીકરણ થાય તેવી કટિબદ્ધતા વ્યક્ત કરાઈ. સાધુ બેટ ખાતે આકાર રહી રહેલી સ્ટેચ્યુ ઓફ યુનિટી, ૧૮૨ મીટરની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમાના સંદર્ભમાં આવેલા સંકલ્પનો સર્વાનુમતે સ્વીકાર કરી ભારતના પનોતા પુત્ર લોખંડી પુરુષ સરદાર પટેલનું સભાગૃહે સાચા અર્થમાં ઋણ ચૂકવ્યું.

●

## માધવપુર મેળામાં એક ભારત - શ્રેષ્ઠ ભારતની પ્રતીતિ

# માધવપુરના મેળાને રાષ્ટ્રીય એકતા મેળા તરીકે પ્રતિ વર્ષ આયોજિત કરાશે - મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી





વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના એક ભારત - શ્રેષ્ઠ ભારતની સંકલ્પનાને સાકાર કરવા અને ગુજરાતને ઈશાન ભારત સાથેના અનુબંધને આકાર આપવા માધવપુરના પરંપરાગત્ત મેળાને રાષ્ટ્રીય એકતા મેળા તરીકે પ્રતિ વર્ષ ઉજવવાની બહુઉદ્દેશી જાહેરાત મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ કરી છે.

મુખ્યમંત્રીશ્રીએ ઈશાન ભારત અને પશ્ચિમ ભારતના અનુબંધને જોડતા માધવપુરના લોકમેળામાં આ જાહેરાત કરી હતી. મેળાના પ્રારંભ અવસરે રાજ્યપાલશ્રી ઓ. પી. કોહલી તથા દેશના ઈશાની રાજ્યના રાજ્યપાલશ્રીઓ, મુખ્યમંત્રીશ્રીઓ તથા કેન્દ્રના સાંસ્કૃતિક મંત્રી, ગૃહ રાજ્ય મંત્રી પણ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાતના રાજ્યપાલ શ્રી ઓ. પી. કોહલીએ જણાવ્યું હતું કે, ત્રણ હજાર કિલોમીટર દૂર બે રાજ્યો વચ્ચેના અંતરને મિટાવી માધવપુરનો મેળો રાષ્ટ્રીય એકતા, વિવિધતામાં એકતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડશે.

વિવાહ બંધન દ્વારા ભારતના પ્રાંતોને બાંધવાનું કાર્ય ભીમ અને હિડમ્બા, રામ અને સીતા, તેમજ કૃષ્ણ અને રુક્મિણીજીના વિવાહ પરથી સાબિત થયાનું શ્રી કોહલીએ જણાવ્યું હતું.

પૂર્વોતરનાં રાજ્યોને મુખ્ય ધારામાં લાવવા માટે વડાપ્રધાનશ્રીની દૂરંદેશીને અભિનંદન પાઠવતાં રાજ્યપાલ શ્રી કોહલીએ આ પ્રકારના રાષ્ટ્રીય પર્વનું આયોજન જરૂરી છે તેવો વિચાર રજૂ કર્યો હતો.

એ બાદ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું કે સૈકાઓ પૂર્વે ગુજરાત અને ભારતવર્ષના ઈશાન પ્રદેશ વચ્ચે બેટીના વ્યવહાર સૂચિત કરે છે કે આપણો દેશ એક હતો અને અખંડિત હતો. પણ, છેલ્લાં કેટલાંક વર્ષથી ઉત્તર-પૂર્વીય રાજ્યોને ભારત સાથેથી તોડવાના પ્રયાસો થયા હતા. કેટલાક લોકો એવું પણ માનતા હતા આ રાજ્યો ભારતનો હિસ્સો નથી. પણ, આ રાજ્યોમાં સત્તા પરિવર્તન થતાં અખંડિત ભારતનો અવાજ વધુ બુલંદ બન્યો છે.

શ્રી વિજયભાઈ રૂપાણીએ વધુમાં ઉમેર્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિવિધમાં એકતા અને એક ભારત - શ્રેષ્ઠ ભારતની સંકલ્પના આપી છે. તેના સાકાર કરવા માટે ગુજરાત રાજ્ય મક્કમ છે. એટલા માટે જ માધવપુરમાં ભગવાન શ્રી કૃષ્ણ અને રુક્મિણીજીના લગ્નપ્રસંગના પરંપરાગત મેળામાં આ વખતે ઈશાની રાજ્યોને પણ સહભાગી બનાવવામાં આવ્યાં છે. આ વખતનો મેળો ઐતિહાસિક છે.

મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ એક મહત્ત્વપૂર્ણ જાહેરાત કરતાં કહ્યું કે માધવપુરના મેળાને રાજ્ય સરકાર દ્વારા રાષ્ટ્રીય એકતા મેળા તરીકે મનાવવામાં આવશે. પ્રતિ વર્ષ આ પ્રકારનું આયોજન કરવામાં આવશે. પ્રવાસન અને પુરાતત્ત્વીય સ્થળોને સાંકળી માધવપુરના મેળાની ઉજવણી કરવામાં આવશે. કચ્છથી ગૌહાટી સુધી ભારત એક છે, વિવિધતામાં એકતા છે, તેવી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની સંકલ્પના સાકાર કરવામાં આવશે. તેમણે માધવપુરના મેળામાં સહભાગી થવા બદલ ઈશાની રાજ્યોના રાજ્યપાલશ્રી, મુખ્યમંત્રીશ્રીઓ અને પ્રતિનિધિઓનો આભાર માન્યો હતો.

અરૂણાચલ પ્રદેશના રાજયપાલ બ્રિગેડિયર ડૉ. બી.ડી.મિશ્રાએ જણાવ્યું કે, આ માધવપુર મેળામાં હાજરી આપવા બદલ હું મારી જાતને ભાગ્યશાળી માનું છું. અમારી રાજકુમારી રુક્મિણી અહીં કૃષ્ણ ભગવાનને પરણ્યાં હતાં, એ પવિત્ર ભૂમિ ઉપર આઝાદી બાદ ૭૦ વર્ષ પછી આવવાનું થયું છે. અમે કન્યા પક્ષના છીએ, તમે વરપક્ષના છો, ગુજરાત અતિથિ સત્કાર માટે વિશ્વપ્રસિદ્ધ છે. અમારું સ્નેહભર્યું સ્વાગત થયું છે અને તમારો સ્નેહ અમારી સાથે છે. આ મેળાએ સિદ્ધ કરેલ છે કે, ભારત એક અને અખંડ છે. લોકો પરસ્પર એક-બીજાથી નજીક આવી રહ્યા છે. તેઓએ ભગવાન અને પરાક્રમી કૃષ્ણની રુક્મિણી સાથે થયેલ લગ્નપ્રસંગનો પૌરાણિક પ્રસંગ જણાવીને જણાવ્યું કે, ગુજરાતમાં કૃષ્ણને રણછોડ કહે છે. ભગવાન કૃષ્ણએ હંમેશા જરૂરિયાતમંદોને મદદ કરી છે. ગુજરાતે દેશને આઝાદી અપાવી છે અને કાશ્મીરને બચાવેલ પણ છે.

કેન્દ્રના સાંસ્કૃતિક રાજય મંત્રી ડૉ. મહેશ શર્માએ જણાવ્યું હતું કે, આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનું વિવિધતામાં એકતાનું સ્વપ્ન સાકાર કરવાનું કામ મારું મંત્રાલય કરી રહેલ છે. આ માધવપુર મેળાના કાર્યક્રમ દ્વારા પૂર્વના સૂર્યોદય થતાં અરૂણાચલ પ્રદેશ સહિતના રાજયોને પશ્ચિમના સૂર્યાસ્ત થતા ગુજરાત સાથે જોડવાનો પ્રયત્ન કરેલ છે. માધવપુરનો આ મેળો દર વર્ષે મોટા સ્વરૂપમાં યોજાશે તેમણે વધુમાં ઉમેર્યું કે, આખું ભારત એક છે અને આ ભારતની તાકાતની ઓળખ છે.

કેન્દ્રીય ગૃહ રાજય મંત્રી શ્રી કિરેન રિજજુએ આજની મુલાકાતને ઐતિહાસિક મુલાકાત ગણાવી હતી. અંતરની દષ્ટિએ ગુજરાત અને અરૂણાચલ પ્રદેશ ખૂબ દૂર છે, પરંતુ માધવપુર ઘેડ આવ્યા પછી અનુભૂતિ થાય છે કે બન્ને રાજયો દિલથી જોડાયેલાં હોઈ કોઈ અંતર નથી લાગતું તેમ આનંદપૂર્વક જણાવ્યું હતું.

માત્ર આઝાદી પછી ભારત એક દેશ બન્યો નથી પરંતુ સદીઓથી ભારત એક અને શ્રેષ્ઠ હોવાના ગૌરવ સાથે ગૃહ રાજય મંત્રી શ્રી કિરેન રિજજુજીએ જણાવ્યું હતું. આ તકે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીનો આભાર માનતાં તેમણે જણાવ્યું હતું કે, પૂર્વોત્તર રાજયો અને ગુજરાત વચ્ચે 'એકાત્મ ભારત'નો સેતુ રહ્યો છે. અંતમાં તેઓ રુક્મણીજીના પ્રદેશના વતની એટલે કે 'લડકી'વાલે હોવાનું મજાકમાં કહ્યું હતું.

અરૂણાચલના મુખ્યમંત્રી શ્રી પેમા ખાંડુએ કહ્યું કે, માધવપુરમાં આ પ્રસંગ સદીઓથી મનાવવામાં આવે છે. પણ આજનો દિવસ ઐતિહાસિક છે, વડાપ્રધાનશ્રીએ 'એક ભારત - શ્રેષ્ઠ ભારત'ના સ્વપ્નને સાકાર કરવા રુક્મિણીજીના પ્રદેશ અરૂણાચલને માધવપુર ઘેડ સાથે જોડ્યું છે, તેનાથી પ્રવાસનને વેગ મળશે. વડાપ્રધાનશ્રી ઈશાન રાજયોના વિકાસ માટે સખત પ્રયત્નશીલ છે, એના માટે એકટ નોર્થ ઈસ્ટની પોલિસી આપી છે.

ઈશાનનાં આઠ રાજયોનો વડાપ્રધાનશ્રી સતત પ્રવાસ કરે છે. આપણે ઈતિહાસને બદલી શકીએ નહીં. પહેલાં ઈશાની રાજયો એક હતાં અને ભારતવર્ષનો હિસ્સો હતાં. આ વડાપ્રધાનશ્રીએ વધુ મજબૂત કર્યો છે તેમણ અરૂણાચલના પ્રવાસે આવવા ઈજન આપ્યું હતું.

અમે લડકીવાળા છીએ, તમારા મહેમાન છીએ અને ગુજરાતની સંસ્કૃતિ 'અતિથિ દેવો ભવ'ની હોઈ અમને ખૂબ માન, સન્માન મળ્યું હોવાનું મણીપુરના મુખ્યમંત્રીશ્રી એન. બિરેનસિંઘે માધવપુરના મેળામાં જણાવ્યું હતું.

ગુજરાત અને મણીપુર વચ્ચે એક સામ્ય એ છે કે, બન્ને પ્રદેશો સરહદ પર છે અને દેશની રક્ષા કાજે સતત જાગૃત હોવાનું શ્રી બિરેનસિંઘે ગૌરવ સાથે જણાવ્યું હતું. શ્રીકૃષ્ણની રાસલીલા એ મણીપુરની દેન હોવાનું અને ભારતીય સંસ્કૃતિમાં મણીપુરની અહેમ ભૂમિકા હોવાનું શ્રી બિરેનસિંઘે જણાવ્યું હતું. અંતમાં શ્રી બિરેનસિંઘે કેન્દ્રીય સાંસ્કૃતિક મંત્રીશ્રી અને ગુજરાતના સાંસ્કૃતિક મંત્રી સહિત સર્વેનો આભાર માન્યો હતો.

આસામના સાંસ્કૃતિક મંત્રી શ્રી નબકુમાર ડોલેએ આ પ્રસંગે જણાવ્યું કે, માધવપુરના મેળામાં સહભાગી થવું અમારા માટે આનંદની વાત છે. ઈશાન રાજયો ભારતની અષ્ટલક્ષ્મી છે, તેવું વડાપ્રધાનશ્રીનું કથન યથાર્થ છે. આસામમાં વડાપ્રધાનશ્રીના એક ભારત - શ્રેષ્ઠ ભારતના સ્વપ્નને સાકાર કરવા પ્રયત્નશીલ છે.

ભારત દેશને જોડતી સાંસ્કૃતિક કડીને ઉજાગર કરતાં વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોની અદ્‌ભુત પ્રસ્તુતિ થઈ હતી. દશ્ય અને ધ્વનિના અનુઠા સંયોગથી તૈયાર કરવામાં આવેલા કાર્યક્રમમાં મહેમાન રાજયોના કલાકારોને પોતાના રાજયની ઓળખ આપતાં નૃત્ય-ગીતો રજૂ કર્યાં હતાં. જેને ભારે દાદ મળી હતી. માધવ સે માધવપુર નૃત્યનાટિકા દ્વારા ૨૫૦થી વધુ કલાકારોએ શ્રીકૃષ્ણ-રુક્ષ્મણી વિવાહની કથા તાદશ રજૂ કરી હતી. સાથોસાથ ગુજરાતની અને સેવન સિસ્ટર્સ રાજયોની કલા-સંસ્કૃતિની ઝાંખી કરાવી હતી. અધર્મ પર ધર્મનો અને સત્યનો હંમેશા વિજય થાય છે તેનું ઉત્તમ ઉદાહરણ શ્રીકૃષ્ણના જીવનચરિત્ર પરથી તૈયાર કરેલ નૃત્ય નાટિકા દ્વારા સુંદર રીતે રજૂઆત આ મેળામાં કરાઈ હતી. ●

# ભાજપ સરકારના આગવા સમાચાર



## બીમાર ગરીબોનો સહારો બનશે આયુષ્યમાન ભારત - શ્રી નરેન્દ્રભાઈ મોદી

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કહ્યું કે હવે ગરીબોને પોતાની બીમારી અંગે ચિંતા કરવાની જરૂર નથી. નાણાંના અભાવને લીધે ઈલાજ કરાવ્યા વગર બીમારીને સહન નહીં કરવી પડે. હવે ભારત સરકાર વીમા કંપનીઓ સાથે મળીને આની જવાબદારી ઉઠાવશે. એક વર્ષમાં પાંચ લાખ રૂપિયા સુધીનો ઈલાજનો ખર્ચ કેન્દ્ર સરકાર વીમા કંપનીઓ સાથે મળીને ઉઠાવશે. આ માટે જ કેન્દ્ર સરકાર આયુષ્યમાન ભારત યોજના લઈને આવી છે.

ફ્રાંસના રાષ્ટ્રપતિ શ્રી ઈમૈનુઅલ મેક્રોં સાથે ૧૨મી માર્ચે બનારસ પહોંચેલા ફ્રાંસીસી મહેમાનને ગંગામાં નૌકાવિહાર કરાવ્યો. અસ્સીથી લઈને દશાશ્વમેધ ઘાટ સુધીના નૌકાવિહાર દરમ્યાન બનારસની સંસ્કૃતિ સાથે જોડાયેલી દૃશ્યાવલીઓએ બંને રાજનેતાઓને અભિભૂત કરી દીધા. આ પહેલાં બંને રાજનેતા મિરજાપુર ગયા હતા, જ્યાં ફ્રાંસીસી કંપનીના સહયોગથી ૬૫૦ કરોડ રૂપિયાના ખર્ચથી સ્થપાયેલી ૭૫ મેગાવોટના સોલર પ્લાન્ટનું ઉદ્‌ઘાટન કર્યું. મિરજાપુરથી પરત આવીને બંને રાજનેતાઓએ દીનદયાલ હસ્તકળા સંસ્થાનમાં જઈને વણકરી તથા હસ્તશિલ્પનાં ઉત્પાદનોનું અવલોકન કર્યું. ગંગામાં નૌકાવિહાર પછી નદેસર મહેલમાં ભોજન વખતે શ્રી નરેન્દ્રભાઈ મોદી અને શ્રી મેક્રોંની સાથે ફ્રાંસના ફર્સ્ટ લેડી શ્રીમતી બ્રિગિટ મેક્રોં પણ ઉપસ્થિત હતાં.

આ પછી શ્રી નરેન્દ્રભાઈ મોદી મુખ્યમંત્રી યોગી આદિત્યનાથની સાથે ડીઝલ રેલ એંજિન કારખાનાના સ્થળે પહોંચ્યા, અને વિભિન્ન યોજનાઓથી લાભાન્વિત થયેલ મહિલાઓને પ્રમાણપત્ર, આવાસની ચાવી અને ચેક આદિ આપ્યું. શ્રી નરેન્દ્રભાઈ મોદીએ બનારસમાં લગભગ ૮૦૦ કરોડનાં વિકાસકાર્યોનું લોકાર્પણ તથા શિલાન્યાસ કરીને જનતાને અર્પણ કર્યું.

આ દરમ્યાન પોતાના ઉદ્‌બોધનમાં શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કહ્યું કે આયુષ્યમાન ભારત યોજનાથી દેશમાં ખાનગી હૉસ્પિટલોની સંખ્યા વધશે અને આરોગ્યક્ષેત્રમાં રોજગારી પણ વધશે. લગભગ ૧૦ કરોડ પરિવારોની ચિંતા નામશેષ થઈ જશે. મિરજાપુરમાં સોલર પ્લાન્ટ બાબતમાં શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કહ્યું કે મકાનના ધાબા પર સૌરઊર્જાની પેનલ હોય અને તે જ ઊર્જાથી સંચાલિત ચૂલા પર રસોઈ બનતી હોય તે લક્ષ્યને આપણે પાર પાડવું છે. આનાથી ગેસની જરૂરિયાત નહીં રહે અને પર્યાવરણને નુકસાન પણ નહીં પહોંચે. આપણે સૂર્યશક્તિનો ઉપયોગ વધારવો છે. તેમણે આ માટે આઈઆઈટી-યંસને પણ આહ્વાન કર્યું કે તે આ દિશામાં અધિક સંશોધન કરે.

શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ કાશીવાસીઓનો આભાર માનતાં કહ્યું કે ફ્રાંસીસી રાષ્ટ્રપતિનું જેટલું જોરદાર સ્વાગત થયું તેનાથી બંને દેશોની દોસ્તી વધુ ગાઢ બનશે. આ દોસ્તી પર કાશીએ પ્રેમવર્ષા કરી છે.

ડીરેકાના મેદાનમાં શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કચરા મહોત્સવનું ઉદ્‌ઘાટન કર્યું. આ દરમ્યાન કચરામાંથી બનાવેલ સજાવટની વસ્તુઓના પ્રદર્શનનું અવલોકન પણ મોદીજીએ લગભગ ૧૫ મિનિટ સુધી કર્યું. મંચ પરથી તેમણે જણાવ્યું કે મને પસંદ નહિ કરનારા હવે બાણ તાકશે કે મોદી હવે કચરા મહોત્સવ કરવા માંડ્યા છે. હું તે લોકોને બતાવવા માગું છું કે કોઈ પણ ચીજ વ્યર્થ નથી હોતી. બસ, નકામી વસ્તુઓનો ઉત્તમ ઉપયોગ કરવાનું શીખવું પડશે. વેસ્ટમાંથી બેસ્ટ અને કબાડમાંથી જુગાડની રીત અપનાવવી પડશે.

પ્રધાનમંત્રીએ મંડુઆડીહ રેલવે સ્ટેશને પહોંચીને બનારસથી પટના વચ્ચે નવી ટ્રેન મંડુઆડીહ-પટના જનશતાબ્દીને લીલી ઝંડી બતાવી. તેમની સાથે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ, રેલ રાજ્યમંત્રી શ્રી મનોજ સિંહા અને ભાજપાના પ્રદેશ અધ્યક્ષ ડૉ. મહેન્દ્રનાથ પાંડેય પણ ઉપસ્થિત હતા.

ડીરેકાની સભામાં મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કહ્યું કે મોદીજીના પ્રયાસોથી દેશમાં ઝડપભેર વિકાસ થઈ રહ્યો છે. યુપીમાં આપણે કચરા મહોત્સવ કરી રહ્યા છીએ. કોઈ પણ ચીજ નકામી હોતી નથી. બસ, એક યોગ્ય યોજકની જરૂર હોય છે નકામી ચીજોને ઉપયોગી બનાવવા માટે.

વારાણસીના એરપોર્ટ પર ફ્રાંસના રાષ્ટ્રપતિ શ્રી ઈમૈનુઅલ મેક્રોં તથા તેમનાં પત્નીનું સ્વાગત કરનાર

શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તેમની સાથે મિરઝાપુરમાં સોલર પાવર પ્લાન્ટનું ઉદ્‌ઘાટન કર્યું. તે પછી તેમણે વારાણસીમાં ગંગા નદીમાં નૌકાવિહાર કર્યો.

વારાણસીના હસ્તકલા સંકુલમાં શ્રી નરેન્દ્રભાઈ મોદી આપણા વિદેશી મહેમાન સાથે જ્યારે પહોંચ્યા ત્યારે તબલાંની થાપ સાથે શહનાઈના મંગળ ધ્વનિ સાથે તેમનું સ્વાગત થયું. વીવીઆઈપીએ સંકુલમાં પ્રવેશ કર્યો ત્યારે એક તરફ એમ્ફિ થિયેટરમાં ચિત્રકૂટનું મંચન શરૂ થયું તો બીજી તરફ પથ્થર, કાષ્ઠ, વસ્ત્ર સાથે જોડાયેલ શિલ્પી, વણકરોએ પોતપોતાની આવડતનું સજીવ પ્રદર્શન કર્યું.

મિરજાપુરમાં પ્રધાનમંત્રીની સાથે ફ્રાંસના રાષ્ટ્રપતિ ઈમૈનુઅલ મેક્રોંએ ૬૫૦ કરોડના ખર્ચથી બનાવેલ સો મેગાવોટના સોલર પ્લાન્ટનું ઉદ્‌ઘાટન કર્યું. આ પ્લાન્ટ દાદરકલામાં ૬૫૦ કરોડ રૂપિયાના ખર્ચથી બન્યો છે. આ દરમિયાન કંપનીના અધિકારીઓએ પ્લાન્ટની વિશેષતાઓ બારામાં પણ જાણકારી આપી. આ દરમ્યાન મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ તથા કેન્દ્રીય મંત્રી તથા મિરજાપુરથી ચૂંટાયેલા સાંસદ શ્રી અનુપ્રિયા પટેલ પણ ઉપસ્થિત હતા.

## વિપક્ષ ઘાંઘો (કુંઠિત) થઈને સરકાર સંદર્ભે જૂઠ ફેલાવવાનું કામ કરે છે - શ્રી નરેન્દ્રભાઈ મોદી



પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિપક્ષ પર પ્રહાર કરતાં કહ્યું કે વિપક્ષ દ્વારા સરકારના બારામાં જૂઠ ફેલાવવામાં આવી રહ્યું છે. તેમણે પાર્ટીના સાંસદોને તકનીકનો ઉપયોગ કરીને 'વિપક્ષના જૂઠનો જવાબ' આપવાનો અનુરોધ કર્યો છે. તેમણે કહ્યું, વિપક્ષ ઘાંઘો (કુંઠિત) થઈને સરકાર સંદર્ભે જૂઠ ફેલાવવાનું કામ કરે છે. શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સાંસદોને કહ્યું કે ટેક્નોલોજીનો ઉપયોગ કરીને જનતા સુધી સચ્ચાઈ પહોંચાડો. તેઓ પોતાના સંસદીય ક્ષેત્રમાં જઈને જનતાને બતાવે કે કઈ રીતે વિપક્ષ સંસદને કામ કરતાં રોકી રહ્યો છે.

ગત ૨૩મી માર્ચે ભારતીય જનતા પાર્ટીનું નવું મુખ્યાલય ૬-એ, પં. દીનદયાળ ઉપાધ્યાય માર્ગ, નવી દિલ્હીમાં પાર્ટી સંસદીય દળની બેઠકમાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આ વાત કહી. બેઠક દરમ્યાન ભાજપા રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમિતભાઈ શાહે કહ્યું કે વિપક્ષ સંસદમાં અવરોધ ઊભો કરી રહ્યો છે અને ચર્ચા કરતો નથી. તેમણે પાર્ટીના સાંસદોને જનતા વચ્ચે જવાનું અને હવે પછીના ૩ દિવસોમાં પોતપોતાનાં સંસદીય ક્ષેત્રોમાં આ મુદ્દાઓ ઉપસ્થિત કરવા અને સંવાદદાતાઓનું સંમેલન કરવાનું કહ્યું. શ્રી અમિતભાઈ શાહે પાર્ટીના સાંસદોને પોતપોતાના ક્ષેત્રમાં બૂથ સ્તર પર પાર્ટીને મજબૂત બનાવવાનું કહ્યું. તેમણે કહ્યું કે પાર્ટી સંગઠનને બૂથ સ્તર પર મજબૂત બનાવવાની સાથે સાથે ભાજપાની વિચારધારા અને શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં સરકારના જનકલ્યાણ તથા ગરીબોન્મુખી યોજનાઓનો આ છેડેથી પેલા છેડા સુધી પ્રચાર કરવો જોઈએ.

શ્રી બલૂનીએ કહ્યું કે પાર્ટી ૧૪ એપ્રિલે બાબાસાહેબ આંબેડકર જયંતીથી ૫ મેની વચ્ચે 'ગ્રામ સ્વરાજ' અભિયાનનો કાર્યક્રમ કરશે. પાર્ટી ૧૪મી એપ્રિલે સામાજિક ન્યાય દિવસનું આયોજન કરશે અને સ્વચ્છ ભારત અને ઉજ્જવલા યોજના સહિત સરકારની યોજનાઓને લોકો સુધી પહોંચાડશે. શ્રી બલૂનીએ કહ્યું કે શ્રી જિતેન્દ્રસિંહે દેશમાં ૧૧૫ અતિ પછાત જિલ્લાઓને વિકસિત કરવા માટે સાંસદો સમક્ષ પ્રસ્તુતીકરણ કર્યું. શ્રી સિંહે કહ્યું કે પ્રધાનમંત્રી શ્રી સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરનાર જિલ્લાનું અભિવાદન કરશે.

## પ્રધાનમંત્રી માતૃવંદના યોજના અંતર્ગત ૧૭ લાખથી વધુ લાભાર્થી નામાંકિત થયા

પ્રધાનમંત્રી માતૃવંદના યોજના (પીએમએમવીવાય) અંતર્ગત નામાંકિત લાભાર્થીઓની સંખ્યા વધીને ૧૭,૬૬,૪૨૩ થઈ ગઈ છે. નામાંકન માટે દરરોજ લગભગ ૫૦,૦૦૦ આવેદનપત્ર મળે છે. પીએમએમવીવાય અંતર્ગત બધા જ ૩૬ રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશો માટે અત્યાર સુધીમાં ૨૦૪૮.૨૧ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે, જેમાંથી ૨૦૪૨.૦૯ કરોડ રૂપિયા આપી દેવામાં આવ્યા છે.

ભારત સરકાર દ્વારા ૧ જાન્યુઆરી ૨૦૧૭થી દેશના બધા જિલ્લાઓમાં પીએમએમવીવાયના કાર્યાન્વયનની મંજૂરી આપવામાં આવી છે. પીએમએમવીવાય અંતર્ગત દરેક યોગ્ય લાભાર્થીઓને ૫,૦૦૦ રૂપિયા આપવામાં આવે છે, અને બાકીની રકમ જનની સુરક્ષા યોજના (જેએસવાય) અંતર્ગત માતૃત્વ લાભની શરતોને અનુરૂપ સંસ્થાગત પ્રસૂતિ કરાવ્યા પછી આપવામાં આવે છે. આ પ્રકારે દરેક મહિલાને ૬૦૦૦ રૂપિયા સરેરાશ પ્રાપ્ત થાય છે.

આ યોજનાના કાર્યાન્વયનનો દિશાનિર્દેશ, આ યોજનાને શરૂ કરવા માટેના સોફ્ટવેર અર્થાત્ પ્રધાનમંત્રી માતૃવંદના યોજના સામાન્ય આવેદન સોફ્ટવેર (પીએમએમવીવાય) અને તેની નિયમાવલીનો શુભારંભ ૧ સપ્ટેમ્બર, ૨૦૧૭ના રોજ માનનીય મહિલા તથા બાળવિકાસ મંત્રી શ્રીમતી મેનકા સંજય ગાંધી દ્વારા કરાયો હતો. પીએમએમવીવાયને રાજ્ય સરકારોના સહયોગથી કાર્યાન્વિત કરવામાં આવે છે.

પ્રધાનમંત્રી માતૃવંદના યોજના અંતર્ગત બધી જ ગર્ભવતી મહિલાઓ અને સ્તનપાન કરાવતી માતાઓ માટે માતૃત્વ લાભ ઉપલબ્ધ છે. આમાં એ મહિલાઓનો સમાવેશ કરવામાં નથી આવ્યો જેઓ કેન્દ્ર યા રાજ્ય સરકાર અથવા સાર્વજનિક ક્ષેત્રના ઉપક્રમોમાં નિયમિત કર્મચારી છે. આ સિવાય આ જ વખતે લાગુ પડતી કોઈ પણ કાયદા અંતર્ગત આ જ પ્રકારનો લાભ મેળવતી મહિલાઓને પણ આ યોજનાનો લાભ મળશે નહીં. આ યોજનાનો ઉદ્દેશ : (૧) ગર્ભવતી મહિલાના વેતનમાં થતા કાપ માટે રોકડ પ્રોત્સાહન રકમના રૂપમાં આંશિક મદદ કરવી તે છે, જેથી મહિલા પહેલા બાળકના જન્મ પૂર્વે તથા જન્મ બાદ આરામ કરી શકે; (૨) રોકડ પ્રોત્સાહક રકમથી ગર્ભવતી મહિલાઓ અને સ્તનપાન કરાવતી માતાઓમાં સ્વાસ્થ્ય પ્રતિ જાગરૂકતા વધશે.



# સુંદરસિંહ ભંડારી

**(૧૨ એપ્રિલ-૧૯૨૧ - ૨૨ જૂન ૨૦૦૫)**

**શત શત નમન**

સુંદરસિંહ ભંડારીનો જન્મ ૧૨ એપ્રિલ ૧૯૨૧ના રોજ ઉદયપુરના એક જૈન પરિવાર (રાજસ્થાન)માં થયો હતો. મૂળે તેમનો પરિવાર ભીલવાડાના મંડલગઢનો હતો, પરંતુ તેમના દાદા ત્યાંથી ઉદયપુર ચાલ્યા ગયા હતા. શ્રી ભંડારીના પિતાજી ડૉ. સુજાનસિંહ ભંડારી ડૉક્ટર હતા. આ કારણે તેમને કાયમ ફરતા રહેવું પડતું. શ્રી ભંડારીએ ઘણી જગ્યાએથી શિક્ષણ મેળવ્યું. તેમણે ઉદયપુરના સિરોહીમાંથી ઈન્ટરમીડિયેટની પરીક્ષા પાસ કરી અને ડીએવી કોલેજ, કાનપુરમાંથી બી.એ. અને એમ.એમ. કર્યું. તેમણે અર્થશાસ્ત્ર વિષય સાથે એમ.એ.ની ડિગ્રી મેળવી અને પછી કાયદાશાસ્ત્રનું અધ્યયન કર્યું.

શ્રી ભંડારી 'સરળ જીવન અને ઉચ્ચ વિચારો'નું પ્રતીક હતા. શાંત સ્વભાવ ધરાવતા ભંડારી આજીવન અવિવાહિત રહ્યા અને રાષ્ટ્રસેવામાં પોતાનું જીવન સમર્પિત કર્યું. ૧૯૪૨માં શિક્ષણ પૂરું કર્યા પછી મેવાડ ઉચ્ચ ન્યાયાલયમાં કાયદાકીય પ્રેક્ટિસ શરૂ કરી. ૧૯૩૭માં તેમણે એમ.ડી. કોલેજ, કાનપુરમાં પ્રવેશ મેળવ્યો, જ્યાં પંડિત દીનદયાળજી તેમના સહપાઠી હતા. ૧૯૩૭ (ડિસેમ્બર)માં ઈંદોરના બાલુ મહાશબ્દે તેમને કાનપુર નજીક આવેલી નવાબગંજની રા. સ્વ. સંઘ શાખામાં લઈ ગયા હતા. ત્યાંથી માંડીને પોતાના અંતિમ શ્વાસ સુધી તેઓ રા. સ્વ. સંઘની વિચારધારાને સમર્પિત રહ્યા.

૧૯૫૧માં ભારતીય જનસંઘની સ્થાપના થઈ. રા. સ્વ. સંઘ તરફથી જે મુખ્ય કાર્યકર્તાઓને જનસંઘમાં કાર્યકર્તા તરીકે મોકલવામાં આવ્યા હતા, તેમાં તેમનું નામ મુખ્ય હરોળમાં હતું. ૧૯૫૧થી ૧૯૬૫ સુધી શ્રી ભંડારીજીએ રાજસ્થાન જનસંઘમાં મહામંત્રી તરીકે દાયિત્વ નિભાવ્યું. આ સિવાય તેઓ ૧૯૬૩માં જનસંઘના અખિલ ભારતીય મંત્રી હતા. પંડિત દીનદયાળજીના નિધન પછી ૧૯૬૮માં ભંડારીજીને અખિલ ભારતીય મહામંત્રી (સંગઠન) બનાવાયા.

તેમણે ૧૯૭૭ સુધી જનસંઘના મહામંત્રી પદે કામ કર્યું. તેઓ ૧૯૬૬-૧૯૭૨ સુધી રાજસ્થાનથી રાજ્યસભાના સદસ્ય તરીકે ચૂંટાયા. ૧૯૯૮માં તેમનો રાજ્યસભાનો કાર્યકાળ પૂરો થયો. તે પછી તેમને બિહારના ગવર્નર તરીકે નિયુક્ત કરાયા. ૧૯૯૯માં તેમને ગુજરાતના ગવર્નર તરીકે નિયુક્ત કરાયા. ભંડારીજીએ કાર્યકર્તાઓ સામે સરળતા, સહનશીલતા, અને મિતવ્યયતાનું ઉદાહરણ પેશ કર્યું. તેમણે કાર્યકર્તાઓને પ્રતિબદ્ધ જીવનશૈલીની ગરિમા જાળવી રાખવાનું આહ્વાન કર્યું. તેઓ એક એવા મૂર્તિકાર અને કાર્યકુશળ શિલ્પી હતા, જેમણે માનવસમાજ અને સંગઠનની પ્રતિમા બનાવી. તેઓ ક્યારેય 'કળશ' બનવા નહોતા ઈચ્છતા, એ જ કારણે તેઓ અત્યંત સ્પષ્ટવાદી હતા. પોતાની પ્રતિકૃતિના કારણે કાર્યકર્તાઓમાં તેઓ 'હેડમાસ્ટર'ના નામે લાડીલા બન્યા. ૨૨ જૂન, ૨૦૦૫ના રોજ તેમનો સ્વર્ગવાસ થયો. શ્રી ભંડારીજીએ પોતાના કામકાજી નિવાસસ્થાન પર અંતિમ શ્વાસ લીધો. તેમણે પોતાનું જીવન માતૃભૂમિને સમર્પિત કર્યું હતું. તેઓ જીવનભર રા. સ્વ. સંઘના પ્રચારક રહ્યા. તેમના નિધનથી રાષ્ટ્રે એક અસાધારણ રાષ્ટ્રવાદી ગુમાવી દીધા.



# કોંગ્રેસ દલિતોને ભ્રામક પ્રચારથી છેતરવાનું બંધ કરે

## દલિતોના સર્વાંગી વિકાસ માટે ગુજરાત સરકાર સતત પ્રયત્નશીલ છે ત્યારે વિપક્ષ દ્વારા ગુજરાતની શાંતિ ડહોળવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે તે ગેરવ્યાજબી

## - સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી ઈશ્વરભાઈ પરમાર



સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી ઈશ્વરભાઈ પરમારે જણાવ્યું છે કે એટ્રોસિટી એક્ટના અમલ માટે કોંગ્રેસ દ્વારા જે ભ્રામક પ્રચાર કરીને દલિતોને છેતરવામાં આવી રહ્યા છે તે બંધ કરવું જોઈએ. એટ્રોસિટી એક્ટનો વર્ષ-૧૯૮૯નો જે મૂળ કાયદો છે તે રદ કરાયો નથી અને તે મુજબ જ સંપૂર્ણપણે અમલી છે જ અને રહેશે જ.

મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે એટ્રોસિટી એક્ટ સંદર્ભે ગુજરાતના પનોતા પુત્ર અને દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અત્યંત સંવેદનશીલ છે તેથી તેમણે કેન્દ્ર સરકારમાં સત્તા સંભાળ્યા બાદ તુરત જ વર્ષ-૨૦૧૬માં એટ્રોસિટી એક્ટ-૧૯૮૯ની જોગવાઈઓ તથા ડૉ. બાબાસાહેબ આંબેડકરની પરિકલ્પનાઓ મુજબના સુધારા કરવા માટે સંસદમાં ત્રણ દિવસ સુધી ચર્ચા કરી વર્ષ-૨૦૧૬ના સુધારા અમલી બનાવ્યા છે, જે કોંગ્રેસે ક્યારે પણ વર્ષ-૧૯૮૯ બાદ કરેલ ન હતું. આમ ભાજપા સરકાર દલિતો પ્રત્યે થતા અત્યાચાર રોકવા માટે સંવેદનશીલ છે અને તેના માટે કડક પગલાં લેવા માટે કૃતનિશ્ચયી છે.

મંત્રીશ્રીએ કહ્યુ કે સુપ્રીમ કોર્ટ દ્વારા જે ચુકાદો આપવામાં આવ્યો છે તેની સામે કેન્દ્રની ભાજપ સરકારે સૌ પ્રથમ રીવ્યુ પીટીશન દાખલ કરી હતી. સાથે સાથે કેન્દ્રીય મંત્રીઓ શ્રી રામદાસ આઠવલેજી અને શ્રી રામવિલાસ પાસવાનજી દ્વારા અને ભાજપ શાસિત મહારાષ્ટ્ર સરકાર દ્વારા સુપ્રીમ કોર્ટમાં એટ્રોસિટી અંગે રીવ્યુ પીટીશન દાખલ કરવામાં આવી છે. કોંગ્રેસ શાસિત રાજ્યો દ્વારા કે કોઈ કોંગ્રેસના નેતાઓ દ્વારા એક પણ રીવ્યુ પીટીશન આજ સુધી દાખલ કરવામાં આવી નથી. ત્યારે કોંગ્રેસ કયા મોઢે દલિતોના હિતની વાતો કરી રહી છે. ગુજરાતનો દલિત સમાજ સંપૂર્ણ રીતે તમામ હકીકતોથી વાકેફ છે જે એટલે કોંગ્રેસ દલિત સમાજને ગેરમાર્ગે દોરવાનું બંધ કરે. રાજ્યના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા પણ અત્યંત સંવેદનશીલતાથી દલિતો પ્રત્યે હકારાત્મક અભિગમ દાખવી તમામ પ્રકારનો સહયોગ આપવામાં આવી રહ્યો છે ત્યારે કેન્દ્ર સરકાર દ્વારા સુપ્રીમ કોર્ટમાં પીટીશન દાખલ કરાઈ છે તે સંદર્ભે દલિતોને રાજ્ય સરકારને સહયોગ આપવા અપીલ કરી છે.

મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, સુપ્રીમ કોર્ટમાં કેન્દ્ર સરકાર દ્વારા જે પીટીશન દાખલ કરાઈ છે તે સંદર્ભે કોર્ટ દ્વારા સંબંધિત પક્ષકારોને લેખિત દલીલો રજૂ કરવા જણાવાયું છે અને લેખિત દલીલો મળ્યા બાદ સુપ્રીમ કોર્ટ તેની વધુ સુનાવણી હાથ ધરશે. તેમણે ઉમેર્યું કે કેન્દ્ર સરકારના એટર્ની જનરલ શ્રી વેણુગોપાલ દ્વારા સુપ્રીમ કોર્ટમાં પીટીશન સંદર્ભે સ્ટે આપવા સહિતની વિવિધ દલીલો કરાઈ હતી. એટ્રોસિટી સંદર્ભે જો FIR દાખલ ન થાય તો તે અંગે વળતર અને સહાયના પ્રશ્નો ઉદ્ભવે. અત્યાચારનો ભોગ બનેલા SC/ST લોકોને FIR નું રજીસ્ટ્રેશન થાય કે ના થાય પણ તાત્કાલિક વળતર આપી શકાય તેમ હોઈ બેંચે સ્ટે આપવાની ના પાડી હતી.

મંત્રીશ્રી ઈશ્વરભાઈ પરમારે કહ્યું કે સુપ્રીમ કોર્ટનો ચુકાદો પોલીસને આઈ.પી.સી.ની ધારાઓ અંતર્ગત કેસની નોંધણી કરતાં અટકાવવાનો નથી, પરંતુ પ્રાથમિક તપાસ થયા પછી તેમાં SC/ST એક્ટની જોગવાઈઓ ઉમેરી શકાય છે. FIRની નોંધણી કર્યા વિના ફરિયાદ દાખલ કરતી વખતે જ પીડિતને તાત્કાલિક વળતર આપી શકાય છે. ફક્ત ક્રિમિનલ પ્રોસીજર કોડમાં અપાયેલા પ્રોસિજરલ કાયદાને અનુલક્ષીને તેના અમલની વાત કરી છે. અન્ય કોઈ બાબત નથી. કાયદામાં ક્યાંય એવું લખાયું નથી કે ફરિયાદ દાખલ થાય કે તરત આરોપીની ધરપકડ થવી જોઈએ.

મંત્રીશ્રીએ કહ્યું કે દલિતોના સર્વાંગી વિકાસ માટે ગુજરાત સરકાર સતત પ્રયત્નશીલ છે ત્યારે વિપક્ષ દ્વારા ગુજરાતની શાંતિ ડહોળવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે તે ગેરવ્યાજબી છે. રાજ્ય સરકાર અનુસૂચિત જાતિ પરત્વેના અત્યાચાર રોકવા માટે એટ્રોસિટી એક્ટના અમલ થકી પૂરેપૂરી તકેદારી અને પગલાં લઈ રહેલ છે.

●



**પાછલાં બે વર્ષમાં રાજ્ય સરકારની વિવિધ સેવાઓમાં પારદર્શી અને સ્પર્ધાત્મક પરીક્ષાઓના ગુણ મૂલ્યાંકન આધારે કસોટીની એરણે ખરા ઊતરેલા ૮૦,૦૦૦થી વધુ યુવાઓને રોજગાર અવસર મળ્યા**

# પારદર્શિતા અને કોમ્પ્યુટરાઈઝડ ભરતીને પરિણામે કોઈ પણ રોજગાર વાંચ્છુ યુવક-યુવતીને કોઈનેય એક પૈસોય કટકી-બટકી નથી આપવી પડી કોઈનો ઝભ્ભો પકડવો નથી પડયો - શ્રી વિજયભાઈ રૂપાણીનું આહ્વાન

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ રાજ્ય સરકારની સેવામાં જોડાઈ રહેલા નવનિયુક્ત યુવા કર્મીઓને માનવીય સંવેદના સાથે છેવાડાના માનવી અંત્યોદયના કલ્યાણભાવને આજીવન સેવાલક્ષ્ય બનાવી સેવારત રહેવા આહ્વાન કર્યું છે.

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા સિનીયર કલાર્ક, મ્યુનિસિપલ એકાઉન્ટન્ટ અને ડેપ્યુટી એકાઉન્ટન્ટ તરીકે પસંદગી પમેલા ૧૦૫૪ યુવાઓને નિમણૂક પત્ર વિતરણમાં મુખ્યમંત્રીશ્રીએ આ પ્રેરક આહ્વાન કર્યું હતું.

શ્રી વિજયભાઈ રૂપાણીએ આ નવયુવાઓને 'ટીમ ગુજરાત'માં આવકારતાં ઉમેર્યું કે, ગુજરાત સરકારના કર્મયોગીની અને સુશાસનની જે ઈમેજ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈએ દેશભરમાં મોડેલ તરીકે પ્રસ્થાપિત કરી છે તેને તમારા કર્તૃત્વભાવથી વધુ ઉજાગર કરવાની છે.

મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ સ્પષ્ટપણે જણાવ્યું કે, આ સરકાર પારદર્શી અને સંવેદનશીલ છે તેની જન અનુભૂતિ સામાન્યમાં સામાન્ય માનવીને પણ થઈ રહી છે.

શ્રી વિજયભાઈ રૂપાણીએ કહ્યું કે, રાજ્યસેવાના સાડા ચાર લાખથી વધુ કર્મયોગીઓ, મંત્રી પરિષદ, પદાધિકારી સહિત સમગ્ર સરકાર પીડિત, શોષિત, વંચિત, છેવાડાના માનવીને મદદરૂપ થવાના લક્ષ્ય સાથે કર્તવ્યરત છે.

''તમારે પણ તમારી પાસે પોતાના કામ-સમસ્યા અંગે આવતા અરજદારની જાતમાં એકવાર તમારી જાતને મૂકીને તેની સમસ્યાનું યોગ્ય સુચારુ નિવારણ લાવવાનું જવાબદેહી દાયિત્વ બજાવવાનું છે.'' એમ તેમણે આ યુવાઓને જણાવ્યું હતું.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ આ પ્રસંગે રાજ્ય સરકારના સચિવાલયથી લઈને છેક તાલુકાસ્તર સુધીના કર્મયોગીઓના વાર્ષિક કામગીરી મૂલ્યાંકન માટે બાયોમેટ્રિકસથી માંડીને ડેશ બોર્ડ જેવી આઈ.ટી. ટેકનોલોજી આધારિત પેરામીટર્સ વિકસાવવાની નેમ વ્યક્ત કરી હતી.

તેમણે આ સંદર્ભમાં નવનિયુક્ત યુવા ઉમેદવારોને અનુરોધ કરતાં ઉમેર્યું કે, સરકારી નોકરી મળી જાય એટલે સુરક્ષિતતાનો ભાવ આવે પણ સ્થગિતતા ક્યારેય ન આવવી જોઈએ.

ટેકનોસેવી યુવાપેઢી રાજ્ય સરકારની સેવામાં હવે વ્યાપક પ્રમાણમાં જોડાઈ રહી છે ત્યારે તેમના જ્ઞાન-કૌશલ્યથી પ્રશાસનિક મોડને નવી ઊંચાઈએ લઈ જવાનો સંકલ્પ કરવા પણ તેમણે યુવાઓને પ્રેરણા આપી હતી.

મુખ્યમંત્રીશ્રીએ પાછલાં બે વર્ષમાં રાજ્ય સરકારની વિવિધ સેવાઓમાં પારદર્શી અને સ્પર્ધાત્મક પરીક્ષાઓના ગુણ મૂલ્યાંકન આધારે કસોટીની એરણે ખરા ઊતરેલા ૮૦ હજારથી વધુ યુવાઓને રોજગાર અવસર મળ્યા છે તેની વિશદ ભૂમિકા આપી હતી.

તેમણે ઉમેર્યું કે, આ પારદર્શિતા અને કોમ્પ્યુટરાઈઝડ ભરતીને પરિણામે કોઈ પણ રોજગાર વાંચ્છુ યુવક-યુવતીને કોઈનેય એક પૈસોય કટકી-બટકી નથી આપવી પડી-કોઈનો ઝભ્ભો પકડવો નથી પડયો એ જ આ પદ્ધતિની શતપ્રતિશત સફળતાનો માપદંડ છે.

તેમણે આ નવનિયુક્ત કર્મયોગીઓને ઉજ્જવળ ભવિષ્યની શુભેચ્છાઓ પાઠવી હતી.

●

**રેસ્ટોરન્ટ માટે લાયસન્સ-રિન્યુઅલની જોગવાઈ રદ કરવાનો રાજ્ય સરકારનો મહત્ત્વનો નિર્ણય**



# રાજ્યમાં હવે રેસ્ટોરન્ટ માટે સક્ષમ ઓથોરિટી પાસેથી નવું લાયસન્સ કે રિન્યુઅલ માટે મંજૂરી લેવાની રહેશે નહીં

## - ગૃહ રાજ્ય મંત્રીશ્રી પ્રદીપસિંહ જાડેજા



રાજ્યમાં આવેલા રેસ્ટોરન્ટ માટે પોલીસ તંત્ર પાસેથી લાયસન્સ લેવા માટે તથા રિન્યુઅલ માટેની પ્રક્રિયામાંથી મુક્તિ આપવાનો રાજ્ય સરકાર દ્વારા મહત્ત્વનો નિર્ણય કરવામાં આવ્યો હોવાનું ગૃહ રાજ્ય મંત્રીશ્રી પ્રદીપસિંહ જાડેજાએ જણાવ્યું હતું.

વિધાનસભા ગૃહમાં ગુજરાત પોલીસ (સુધારા) વિધેયક-૨૦૧૮ને રજૂ કરતાં ગૃહ રાજ્ય મંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું કે, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) અન્વયે રેસ્ટોરન્ટનો વ્યવસાય શરૂ કરવા જિલ્લા મેજિસ્ટ્રેટ/પોલીસ કમિશનર પાસેથી લાયસન્સ લેવાની તથા સમયાંતરે તેના રિન્યુઅલ સબંધી મંજૂરી મેળવવાની રહે છે. આ કાર્યવાહીમાં રેસ્ટોરન્ટના વ્યવસાયિકોને મુશ્કેલીઓ પડતી હોવા અંગે રાજ્યના હોટલ એન્ડ રેસ્ટોરન્ટ ઍસોસિયેશન અને ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સની રજૂઆતોને સંવેદનાથી લઈને રાજ્ય સરકારે હકારાત્મક અભિગમ અપનાવી રેસ્ટોરન્ટ માટે સક્ષમ ઓથોરિટી પાસેથી લાયસન્સ મેળવવા તથા તેના રિન્યુઅલની પ્રક્રિયામાંથી મુક્તિ આપવાનો પ્રમાણમાં નાનો પરંતુ રેસ્ટોરન્ટ વ્યવસાયિકો માટે ખૂબ મહત્ત્વનો નિર્ણય કરવામાં આવ્યો છે.

ગૃહ રાજ્ય મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું કે, રાજ્ય સરકાર 'Ease of Doing Business'ના મંત્રને વરેલી છે. ગુજરાત દેશની વિકાસ પ્રક્રિયાનું ગ્રોથ એન્જીન હોવાથી કોઈપણ ઉદ્યોગકારોને અગવડ વિના વિકાસ કરવાની તક મળે તે માટે રાજ્ય સરકાર કટિબદ્ધ હોવાનું ગૃહ રાજ્ય મંત્રીશ્રીએ જણાવ્યું હતું. રેસ્ટોરન્ટનો વ્યવસાય અગત્યનો સામાજિક વ્યવસાય હોવા ઉપરાંત રાજ્યના પ્રવાસન ઉદ્યોગને વેગ આપનારો હોવાથી તેના વિકાસમાં આવતા અવરોધો દૂર કરી વ્યવસાયિકોને લાયસન્સ રાજમાંથી મુક્ત કરી 'Ease of Doing Business' ની અનુભૂતિ થાય તે માટે રાજ્ય સરકાર દ્વારા શ્રેણીબદ્ધ પગલાં લેવામાં આવ્યાં હોવાનું ગૃહ રાજ્ય મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું.

ગૃહ રાજ્ય મંત્રીશ્રીએ જણાવ્યું કે, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના સેક્શન-૩૩(૧)ની સંબંધિત સબ સેક્શનની જોગવાઈ રદ કરવાની કાર્યવાહી હાથ ધરીને અધિનિયમમાં (સુધારો) રજૂ થતાં હવેથી રાજ્યની તમામ રેસ્ટોરન્ટને પોલીસ અધિનિયમ હેઠળ રજિસ્ટ્રેશન કે રિન્યુઅલ કરાવવાનું રહેશે નહીં.


રાજ્ય સરકારના આ નિર્ણયને કારણે રાજ્યના પર્યટન ઉદ્યોગને વધુ વેગ મળશે, પ્રવાસનનો વધુ વિકાસ થશે. દેશ વિદેશના ઉદ્યોગકારો અને રોકાણકારો ગુજરાતમાં આવશે.

ગૃહ રાજ્ય મંત્રીશ્રીએ જણાવ્યું કે, રાજ્યના હોટલ ઍસોસિયેશન તથા ગુજરાત વેપારી મહામંડળ દ્વારા રેસ્ટોરન્ટ શરૂ કરવા અને ચલાવવા ગુજરાત પોલીસ એક્ટ હેઠળની લાયસન્સ પ્રથા અંગેની જોગવાઈઓ દૂર કરવા માટે માંગણી કરવામાં આવી હતી. રાજ્ય સરકારે આ રજૂઆત પ્રત્યે હકારાત્મક અભિગમ અપનાવ્યો છે.

ગુજરાત પ્રવાસન નીતિ-૨૦૧૫થી જાહેર કરવામાં આવી હોવાનો ઉલ્લેખ કરતાં ગૃહ રાજ્ય મંત્રીશ્રીએ જણાવ્યું કે, આ નીતિ હેઠળ પ્રવાસન ઉદ્યોગને વેગ મળે તે માટે રાજ્ય સરકારે મનોરંજન કર, લક્ઝરી ટેક્ષ, વીજળી કરમાંથી મુક્તિ સહિતની છૂટછાટો જાહેર કરી છે. આ પ્રોત્સાહક નીતિને કારણે ગુજરાતમાં પ્રવાસન ઉદ્યોગનો વિકાસ થવાથી વર્ષ ૨૦૧૬-૧૭માં ૪.૪૮ કરોડ પ્રવાસીઓ રાજ્યમાં આવ્યા હતા. વર્ષ ૨૦૦૮-૦૯માં પ્રવાસીઓની સંખ્યા ૧.૫૮ કરોડ હતી એટલે કે, પ્રવાસીઓની સંખ્યામાં ત્રણ ગણો વધારો થયો હોવાનું ગૃહ રાજ્ય મંત્રીશ્રીએ જણાવ્યું હતું.

●

હેમત ગોહિલ (જમનગર)



**૨૨ એપ્રિલ : શ્રી મકરંદભાઈ દેસાઈ પુણ્યતિથિ**

# ૫૩ વર્ષનું ટૂંકું જીવન જીવ્યા, પણ ગુજરાત ભાજપાના કાર્યકર્તાઓને 'સમર્પિત કાર્યકર્તા'ની મોટી ઓળખાણ આપતા ગયા

### ઉચ્ચ અભ્યાસ અને વિદેશપ્રવાસનો અનુભવ

સંસ્કારનગરી વડોદરાને પોતાના કાર્યોની કર્મભૂમિ બનાવનાર શ્રી મકરંદભાઈ દેસાઈ સન ૧૯૬૨ના જનસંઘના સમયથી, પક્ષની વિચારધારા અને સિદ્ધાંતને અનુરૂપ કાર્યરત રહી, પક્ષને મજબૂતી બક્ષી સરળ, શિસ્તના આગ્રહી અને સૌમ્ય મકરંદભાઈ મિત્રો જલદી બનાવી લેતા. મીઠી વાણી અને મીઠાશભર્યો સ્વભાવ કાર્યકર્તાઓને આકર્ષી લેતો. આમ પણ મકરંદભાઈમાં નામ એવા ગુણ હતા સાર્થ ગુજરાતી જોડણીકોશ અનુસાર 'મકરંદ' નો અર્થ ફૂલનું મધ કે ફૂલની રજ એવો થાય. મકરંદભાઈ મીઠામધ જેવા હતા.

૩૦ જુલાઈ, ૧૯૩૫માં જન્મેલા મકરંદભાઈ ઉચ્ચ અભ્યાસ ધરાવતા હતા. બી.ઈ.(સિવિલ) સાથે અમેરિકા ખાતે પણ વધુ અભ્યાસ કરેલ. અમરિકા, કેનેડા, જાપાન, જર્મની, હોલેન્ડ, હોંગકોંગ વગેરે અનેક દેશોનો વિદેશપ્રવાસ તેમણે વારંવાર કરેલ. આ વિદેશપ્રવાસોના અનુભવનો લાભ પક્ષના વિકાસમાં ખૂબ કામ આવેલ.

### ગુજરાત સરકારમાં સફળ મંત્રી

૧૯૬૨માં જનસંઘમાં જોડાયા બાદ ૧૯૭૪માં વડોદરાના વાડી - શહેર વિસ્તારમાંથી ધારાસભ્ય તરીકે ચૂંટાયા. જનતા મોરચાની સરકારમાં મંત્રી તરીકે અને ત્યારબાદ ભાજપાની સરકારમાં ઊર્જા પ્રધાન તથા અન્ય ખાતાંઓમાં તેઓની કામગીરી અતિ ઉમદા રહી. મકરંદભાઈનું અંગ્રેજી ભાષા ઉપરનું પ્રભુત્વ, વિશ્વ વિદ્યાલયનું શિક્ષણ, વિદેશપ્રવાસોનો અનુભવ, વિષયનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરવાની ચીવટ, નેતૃત્વની કળા જેવા અનેક ગુણોને કારણે તેઓ સરકારના દરેક વિભાગમાં સફળ થતા.

મકરંદભાઈ ખાણ અને ખનીજ ખાતાના પ્રધાન હતા ત્યારે એમણે જોયું કે મોટા મોટા ખાણિયાઓ અને ઉદ્યોગપતિઓ જ ટેન્ડરો ભરી ખાણને ભાડાપટે રાખે છે, વળી તેઓ ખાણનું ઉત્ખનન પૂરતા પ્રમાણમાં કરતા ન હતા તેથી સરકારને તેમાંથી મળવી જોઈતી રેવન્યુ મળતી ન હતી. મકરંદભાઈના ધ્યાનમાં આ વાત આવતાં તેમણે તુરત એક વિશેષ સૂત્ર આપ્યું, 'ખોદે તેની ખાણ'. આના કારણે નાના - નાના ખાણિયાઓને લાભ થયો અને સરકારની આવકમાં વધારો થયો.

### ગુજરાતમાં વીજળીક્રાંતિના પ્રણેતા

આજે દેશભરમાં ગુજરાત વીજળી બાબતે નંબર વન છે. જ્યોતિગ્રામ યોજના અન્વયે પ્રત્યેક ગામડામાં ૨૪ કલાક વીજળી ઉપલબ્ધ બની છે. ગુજરાતને ભાજપ સરકારની આ અણમોલ ભેટ છે. ગુજરાતમાં વીજળીની આ ઉપલબ્ધતાનાં બીજ તો મકરંદભાઈએ ૧૯૮૦માં જ રોપી દીધાં હતાં. ગુજરાતમાં તે વીજળી આજે વટવૃક્ષ બની વિસ્તરી ગઈ છે.

મકરંદભાઈએ વીજળી પ્રધાન તરીકે એક આદર્શ સ્થાપિત કર્યો હતો કે, વહિવટ પારદર્શક હોવો જોઈએ! આ સિદ્ધાંત અન્વયે તેઓએ ગુજરાત વિદ્યુત બોર્ડને લગતી માહિતીની એક નાની પુસ્તિકા પ્રજા માટે જાહેર કરી હતી. તેમાં પ્રજાને માહિતગાર કરવામાં આવી હતી કે, વીજળીનું જોડાણ કેવી રીતે મળી શકે, જોડાણ કપાઈ ગયું હોય તો ફરી કેવી રીતે મળી શકે, જોડાણ મેળવવા કયા કયા કાગળો જોઈએ વગેરે માહિતી આ પુસ્તિકામાં દર્શાવી હતી. જોડાણ મેળવવા કોઈની લાગવગ કે પૈસા કામમાં લાગતા નહીં. સ્વચ્છ વહીવટનો લાભ પ્રજાને મળ્યો. ઊર્જાપ્રધાન તરીકે મકરંદભાઈની કુનેહ અને આવડતની ખૂબ પ્રશંસા થઈ.

### સારું અને ભિન્ન કરવાની ટેવ

મકરંદભાઈ જે કામગીરી સંભાળતા તેમાં કાંઈક નવું કરવાની તેમની ધગશ તેમને સફળ બનાવતી. ગાંધીનગરના સચિવાલયમાં મકરંદભાઈએ એક નવો અભિગમ અપનાવ્યો. પોતે પોતાની ઑફિસમાં સવારે નવ વાગ્યે હાજર થઈ જતા તે છેક સાજેં છ વાગ્યા સુધી બેસી કામગીરી કરતા. અન્ય પ્રધાનો પણ મકરંદભાઈના આ અભિગમને અપનાવી સાંજ સુધી સચિવાલયમાં હાજરી આપતા. આના કારણે પ્રધાનોના ટેબલ પર ફાઈલોનો નિકાલ ઝડપથી થવા લાગ્યો. ખુદ મુખ્યમંત્રી બાબુભાઈ પટેલ પણ મકરંદભાઈના નવા ચીલે ચાલ્યા.

'સારું અને ભિન્ન' કરવાની ટેવવાળા મકરંદભાઈએ વીજળી ખાતાના પ્રધાન હતા ત્યારે જોયું કે વીજ ઉત્પાદન કરવા માટે કોલસાનાં વેગનો ગુજરાત ખાતે ખૂબ મોડાં આવે છે જેના કારણે વીજ ઉત્પાદનમાં વિક્ષેપ પડે છે. આના ઉપાય તરીકે તેમણે મધ્ય

પ્રદેશથી કોલસાને બદલે પાઈપ લાઈન દ્વારા કોલ સ્લરીનો સીધો પુરવઠો મળી રહે તેવા પ્રયાસો આદર્યા. પવનચક્કી દ્વારા વીજળી મળી રહે તેના માટે પણ તેમણે પૂરતા પ્રયત્નો કર્યા. ગુજરાતમાં વીજસમસ્યાનો કાયમી ઉકેલ આવે તેના માટે મકરંદભાઈએ 'બ્રેન ટ્રસ્ટ' નામનું એક ટ્રસ્ટ બનાવ્યું જેમાં ઈલેક્ટ્રિકલ એન્જિનિયરો અને વીજ ટેકનિકલ લોકોને ભેગા કર્યા. આ લોકોએ વીજસમસ્યાઓ અંગે ખૂબ વિચાર વિનિમય કર્યો.

### નર્મદા બંધના વિરોધીઓને જડબાતોડ જવાબ

ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા બંધ અને સુરત નજીકના ઉકાઈ બંધના નિર્માણ માટે પણ મકરંદભાઈનો સિંહફાળો રહેલો છે. નર્મદા બંધના નિર્માણ આડે જ્યારે આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ વાંધા કાઢતી હતી ત્યારે મકરંદભાઈ ચર્ચા-વિચારણામાં ખૂબ ઉપયોગી થતા. એક તો મકરંદભાઈનું પાવરફૂલ ઈંગ્લીશ અને બીજું તેઓના વિદેશપ્રવાસોના અનુભવનું ભાથું. ઉકાઈ બંધનું નિર્માણકાર્ય તેના સમય કરતાં દોઢ વર્ષ પહેલાં બંધાઈને તૈયાર થયું. મકરંદભાઈની આ સીમાચિહ્ન રૂપ કામગીરી હતી. મોરબીમાં મચ્છુ પૂર હોનારત અને કચ્છમાં પૂરે ભારે તારાજી સર્જી હતી. વીજળી વિના મોરબી અને કચ્છ અંધારામાં ડૂબી ગયેલ. સામાન્ય ગતિથી કામગીરી થઈ હોત તો દિવસો સુધી અંધારાં રહેત, પણ મકરંદભાઈ અને વીજ કંપનીના ઈજનેરોની ટીમે દિવસરાત એક કરી માત્ર ત્રણ દિવસમાં જ વીજળીનો પુરવઠો ચાલુ કરી દીધો.

### કુશળ સંગઠક

મકરંદભાઈની ઉત્કૃષ્ટ, ઉમદા અને ઉત્તમ કામગીરી માત્ર સરકારમાં જ કે મંત્રી તરીકેની જ ન હતી, પરંતુ પક્ષના સંગઠનમાં પણ તેઓ કુશળ સંગઠક તરીકે સફળ થયા હતા. મકરંદભાઈએ ગુજરાત ભાજપના પ્રદેશ અધ્યક્ષ તરીકેની જવાબદારી સંભાળી સંગઠન ક્ષેત્રે પક્ષનું માળખું ખૂબ મજબૂત કર્યું હતું. અનેક ગુજરાત ભાજપાના સિનીયર રાજનેતાઓ અને જનસંઘના પાયાના મૂલ્યનિષ્ઠ કાર્યકર્તાઓએ પક્ષની સુંદર સંગઠનની માળા બનાવી છે તેનો એક મણકો મકરંદભાઈ દેસાઈ પણ છે.

### કટોકટીમાં કોંગ્રેસનાં કારનામાં શ્રી નરેન્દ્રભાઈ મોદીની સાથે રહી દુનિયા સમક્ષ ખુલ્લાં કર્યાં

રાષ્ટ્રભક્ત મકરંદભાઈની રાષ્ટ્રભક્તિની ચરમસીમાનાં દર્શન તેઓએ કટોકટીકાળમાં કરેલ તેમની કામગીરીમાં થાય છે. ૨૬મી જૂન, ૧૯૭૫માં શ્રીમતી ઈન્દિરા ગાંધીએ પોતાની સત્તા ટકાવી રાખવા દેશમાં કટોકટી લાગુ કરી, લોકશાહીનું ગળું ઘૂંટ્યું. માર્ચ મહિના સુધી મકરંદભાઈએ ગુજરાત ભૂગર્ભમાં રહી કટોકટી વિરુદ્ધ આંદોલન ચલાવ્યું. ત્યારબાદ ગુજરાત જનતા મોરચાની સરકારને પાડી દેવામાં આવતાં, મકરંદભાઈને વિદેશ જતા રહી ત્યાંથી દુનિયા સમક્ષ ભારતની પરિસ્થિતિનો ચિતાર આપવાની જવાબદારી સોંપવામાં આવી. વૃદ્ધ માતા-પિતા, પત્ની અને એકના એક વહાલસોયા પુત્રની ચિંતા કર્યા વગર મકરંદભાઈ ચૂપચાપ લંડન જતા રહ્યા. ભારતના લોકો અને દુનિયાભરના લોકો બી.બી.સી.ના સમાચારો ઉપર જ વિશ્વાસ કરતા. મકરંદભાઈએ બી.બી.સી.ને આપેલ મુલાકાત દરમ્યાન ભારતની કાળી કટોકટીનાં કારનામાં દુનિયા સમક્ષ ખુલ્લાં કર્યાં. વિદેશમાં પણ મકરંદભાઈ ૧૨ થી ૧૪ કલાક કામ કરતા.

મકરંદભાઈએ લંડન, અમેરિકા રહીને ૪૦ દેશોના ભારતીયોને સાથે રાખી 'ફ્રેન્ડ્સ ઓફ ઈન્ડિયા ઈન્ટરનેશનલ' (એફ.આઈ.એસ.આઈ.) નામની સંસ્થા ચાલુ કરી જે આજે પણ કાર્યરત છે. આ સંસ્થા દ્વારા 'સત્ય વાણી' નામનું મુખપત્ર મકરંદભાઈએ ચાલુ કર્યું. સત્યવાણીની નકલો ભારતમાં ગુપ્ત રીતે ફરતી થઈ.


મકરંદભાઈ લંડનથી પત્ર દ્વારા શ્રી નરેન્દ્રભાઈ મોદી સાથે સતત સંપર્કમાં હતા. નરેન્દ્રભાઈ પણ ભૂગર્ભમાં રહી ગુજરાતમાં કટોકટી સામેની લડાઈના આગેવાન હતા.

કટોકટી વખતે લોકસભાના એક સભ્ય સુબ્રમણ્યમ સ્વામી અમેરિકામાં મકરંદભાઈની સાથે હતા. લોકસભાના નિયમ મુજબ સંસદસભ્ય લગાતાર ત્રણ સત્રોમાં ગેરહાજર રહે તો તે આપોઆપ તે પદ ગુમાવે. સુબ્રમણ્યમ સ્વામીને ત્રીજીવારના સત્રમાં એક સરદારજીના વેશમાં ભારત મોકલ્યા, સંસદમાં હાજરી પત્રકમાં સહી કરી, નેપાલ માર્ગે ફરી અમેરિકા પહોંચી ગયા. આ બનાવે દેશભરમાં જ નહીં, દુનિયાભરમાં ચર્ચા જગાવી. આ આખી ઘટનાનું આયોજન મકરંદભાઈ દેસાઈએ કર્યું હતું.

### વિચાર અને આચારના માનવી

મકરંદભાઈ જે - જે ક્ષેત્રોમાં હતા એ તમામ ક્ષેત્રોમાં તેમનું ઊંડાણથી આત્મસમર્પણ રહેતું અને આ કારણે તે તે ક્ષેત્રના કાર્યકર્તાઓ પણ વધુ ને વધુ ઊંડાણથી તે કાર્યમાં ઓતપ્રોત થઈને વ્યસ્ત રહેતા. આમ, મકરંદભાઈ પોતે આચરણમાં મૂકીને અન્યોને એ આચરણ તરફ વાળતા. મુકરંદભાઈ આપણા નર્યા નિઃસ્વાર્થ પથદર્શક હતા. આપણને ખરા માનવી બનાવવા માટેનું તેમનું તળ ઓછું ન પડે એ હવે આપણે જોવાનું છે. તા. ૨૨મી એપ્રિલ, ૧૯૮૮ના દિને માત્ર ૫૩ વર્ષની ઉંમરે જ મકરંદભાઈ પક્ષ માટે, કાર્યકર્તાઓ માટે અને સમાજ માટે શ્રેષ્ઠ જીવનકાર્ય કરી, આપણને ઉત્તમ પથ પર ચાલતા કરી, પોતે અંતિમ પથ પર ચાલી નિકળ્યા.

●




## ગુણોત્સવ-૨૦૧૮

# દોઢ દાયકામાં ૧.૭૫ લાખ શિક્ષકોની ભરતી કરી છે. ત્રણ લાખથી વધુ ઓરડાઓના નિર્માણ સાથે શાળામાં કોમ્પ્યુટર લેબ, પીવાનું પાણી, શૌચાલયો સહિતની માળખાકીય સુવિધાનું નિર્માણ કર્યું છે - મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ આદિજાતિ જિલ્લા પંચમહાલના ગોવિંદી ગામની પ્રાથમિક શાળાથી રાજ્યવ્યાપી ગુણોત્સવનો પ્રારંભ કરાવતાં આગામી પાંચ વર્ષમાં રાજ્યની બધી જ પ્રાથમિક શાળાઓમાં વર્ચ્યુઅલ ક્લાસરૂમ શરૂ કરવાની નેમ વ્યક્ત કરી છે. આ સંદર્ભમાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ કહ્યું કે, હવેના યુગમાં પરંપરાગત અને બીબાંઢાળ શિક્ષણપ્રણાલીના સ્થાને સમયાનુકૂળ પરિવર્તન મુજબ બાળકોને વર્ચ્યુઅલ સ્માર્ટ ક્લાસ દ્વારા બ્લેક બોર્ડના સ્થાને પ્રોજેકશન અને પાટી-પેનના સ્થાને પામ ટોપ આધારિત શિક્ષણ દ્વારા આનંદમય શિક્ષણ આપવું એ સમયની માંગ છે.

તેમણે જણાવ્યું કે, જ્ઞાનકુંજ પ્રોજેક્ટ અન્વયે ગત વર્ષે રાજ્યની પ્રાથમિક શાળાઓમાં ૪ હજાર વર્ગખંડો સ્માર્ટ ક્લાસ બન્યા છે. આ વર્ષે વધુ ૪ હજાર વર્ગખંડો સ્માર્ટ ક્લાસ બનાવવા છે. શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુણોત્સવ અભિયાન તહેત પ્રાથમિક શાળાના વર્ગખંડમાં વિદ્યાર્થીઓની ગણન, લેખન અને વાંચન સજ્જતા ચકાસી હતી.

તેમણે ઓએમઆર કસોટીના આધારે બીજા ધોરણથી આઠમા ધોરણ સુધીના વિદ્યાર્થીઓની શૈક્ષણિક પ્રવીણતાની ઊંડાણપૂર્વક ચકાસણી કરી હતી. શાળાની ભૌતિક સુવિધાઓ અને શાળા પર્યાવરણનું નિરીક્ષણ કર્યું હતું.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ શાળા પ્રવેશોત્સવ અને ગુણોત્સવનાં સકારાત્મક પરિણામોની જાણકારી આપતાં જણાવ્યું કે તેના પરિણામે નામાંકન ૯૯ ટકાના દરે પહોંચ્યું છે. ડ્રોપ આઉટ રેટ ૩૦ ટકાથી ઘટીને ૧.૬૦ ટકા જેટલા નિમ્નતમ સ્તરે પહોંચાડી શકાયો છે. સાક્ષરતાનો દર ૫૦ ટકાથી વધીને ૭૪ ટકા થયો છે. રાજ્ય સરકાર કે.જી. થી પી.જી. સુધીના શિક્ષણની કાળજી લઈને વિશ્વસ્તરના વિદ્યાર્થીઓનું ઘડતર કરવા વાર્ષિક રૂા.૨૫ હજાર કરોડનો ખર્ચ કરે છે. ૨૦૦૯માં શરૂ કરાયેલા ગુણોત્સવથી શાળાની શૈક્ષણિક શ્રેણીઓનું સતત સંવર્ધન થયું છે એવી લાગણી વ્યક્ત કરતાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, ગુણોત્સવ શરૂ કરાયો ત્યારે રાજ્યમાં એ પ્લસ શ્રેણીની માત્ર ૦૫ શાળાઓ હતી જે આજે વધીને ૨૧૧૭ થઈ છે. એ શ્રેણીની શાળાઓ ૨૬૫થી વધીને ૧૭૬૫૩ અને બી શ્રેણીની શાળાઓ ૩૮૨૩થી વધીને ૧૨૫૫૬ થઈ છે. અગાઉ ૧૨૮૮૩ શાળાઓ સી ગ્રેડમાં હતી જેની સંખ્યા ઘટીને માત્ર ૧૬૧૩ અને ડી શ્રેણીની શાળાઓ ૧૪૫૮૨થી ઘટીને માત્ર ૩૦૦ થઈ ગઈ છે. આ આંકડા ગુજરાતના ગુણોત્સવની શિક્ષણ ગુણવત્તા સુધારણા અભિયાનની સફળતાના માપદંડ છે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી રાજ્યવ્યાપી ગુણોત્સવની ૮મી કડીના બીજા દિવસે વલસાડ જિલ્લાની ચીખલા પ્રાથમિક શાળામાં પહોંચ્યા હતા. તેમણે બાળકો સાથે સહજ ભાવે પ્રશ્નોત્તરી કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ બાળકોના ગણિત, લેખન, વાંચન, જ્ઞાનકૌશલ્ય સાથે OME પદ્ધતિથી પણ અભ્યાસ-જ્ઞાન ચકાસ્યાં હતાં.

શ્રી વિજયભાઈ રૂપાણીએ કહ્યું કે, દેશની ભાવિ પેઢીનો પાયો પ્રાથમિક શિક્ષણથી જ મજબૂત બુલંદ કરવાનો આ ૮મો સેવાયજ્ઞ ઉત્તરોત્તર પરિણામકારી બન્યો છે. ગુણોત્સવ અને શાળા-પ્રવેશોત્સવનાં અભિયાનોને કારણે શાળાઓમાં ડ્રોપ આઉટ રેઈટ ૧.૫ ટકા જેટલો થઈ ગયો છે અને સાક્ષરતા દર ૭૦ ટકાએ પહોચ્યો છે તેની વિશદ ભૂમિકા તેમણે આપી હતી.

છેલ્લાં ૧૫ વર્ષમાં શિક્ષણ ક્ષેત્રે થયેલા આમૂલ પરિવર્તનનો ચિતાર આપતાં તેમણે જણાવ્યું હતું કે, દોઢ દાયકામાં ૧.૭૫ લાખ શિક્ષકોની ભરતી કરી છે. ત્રણ લાખથી વધુ ઓરડાઓના નિર્માણ સાથે શાળામાં કોમ્પ્યુટર લેબ, પીવાનું પાણી, શૌચાલયો સહિતની માળખાકીય સુવિધાનું નિર્માણ કર્યું છે. •



# સતત ૧૬ વર્ષથી રોજગાર કચેરીઓ મારફત રોજગારી આપવામાં ગુજરાત દેશમાં પ્રથમ ક્રમે રહ્યું - શ્રમ રોજગાર મંત્રી શ્રી દિલીપકુમાર ઠાકોર



શ્રમ રોજગાર મંત્રી શ્રી દિલીપકુમાર ઠાકોરે જણાવ્યું છે કે રોજગારી પૂરી પાડવાના ક્ષેત્રે ગુજરાત વિરોધી માનસિકતા ધરાવતા લોકો ખોટી માહિતી આપીને ગુજરાતને બદનામ કરવાનું બંધ કરે. રાજ્ય સરકારના હકારાત્મક અભિગમને કારણે સતત ૧૬ વર્ષથી રોજગાર કચેરીઓ મારફત રોજગારી આપવામાં ગુજરાત દેશમાં પ્રથમ ક્રમે રહ્યું છે. તેમણે કહ્યું કે, મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ પણ રાજ્યના યુવાધનને ઘરઆંગણે જ રોજગારી મળી રહે તેમજ ઉદ્યોગોને જરૂરિયાત મુજબનું માનવબળ મળી રહે તે માટે ખાસ ધ્યાન કેન્દ્રિત કરીને સમયબદ્ધ આયોજન કર્યું છે.

મંત્રીશ્રી ઠાકોરે ઉમેર્યું કે, ગુજરાત રાજ્યની રોજગાર કચેરીઓ વર્ષ ૨૦૦૨થી રોજગારી પૂરી પાડવામાં સમગ્ર દેશમાં પ્રથમ ક્રમાંકે છે. ભારત સરકારના શ્રમ મંત્રાલયના વર્ષ ૨૦૧૫ના પ્રસિદ્ધ થયેલ એમ્પ્લોયમેન્ટ એક્સચેન્જના સ્ટેટેસ્ટીકસ અનુસાર ગુજરાતમાં રોજગાર કચેરીના માધ્યમથી ૪૮૭૬૯ મહિલાઓને રોજગારી પ્રદાન કરવામાં આવી. જ્યારે સમગ્ર રાષ્ટ્રમાં આ પ્રકારે ૬૦૭૯૬ મહિલાઓને રોજગારી પૂરી પડાયેલ છે. સમગ્ર રાષ્ટ્રમાં ગુજરાત દ્વારા સૌથી વધુ મહિલાઓને રોજગારી પૂરી પડાયેલ છે. ભારત સરકારના લેબર બ્યુરો ૨૦૧૬ના રોજ પ્રસિદ્ધ થયેલ રીપોર્ટ ઓન ફિફ્થ એન્યુઅલ એમ્પ્લોયમેન્ટ એન્ડ અનએમ્પ્લોયમેન્ટ સર્વે ૨૦૧૫-૧૬ મુજબ સમગ્ર ભારતનો બેરોજગારીનો દર ૫૦ (દર હજાર વ્યક્તિએ) અંદાજાયેલ છે. જેની સામે ગુજરાતનો બેરોજગારીનો દર ૯ (દર હજાર વ્યક્તિએ) અંદાજાયેલ છે. જે સમગ્ર દેશમાં રાજયોમાં સૌથી નીચો બેરોજગારીનો દર છે. ગુજરાતમાં વર્ષ ૨૦૧૭-૧૮માં ૩૯૯૩૨૭ લોકોને રોજગારી પૂરી પાડવામાં આવી છે.

મંત્રીશ્રીએ કહ્યું કે, કૌશલ્ય વિકાસના નવા આયામ રૂપે અને રાજ્યનાં યુવાધન ને વધુ રોજગારક્ષમ બનાવવા 'મુખ્યમંત્રી એપ્રેન્ટિસશીપ યોજના' શરૂ કરી છે. આ યોજના અંતર્ગત એપ્રેન્ટિસ અધિનિયમ-૧૯૬૧ની જોગવાઈ તળે ઉત્પાદન તેમજ સેવાકીય ક્ષેત્રોમાં કાર્યરત એકમો ખાતે અધિનિયમની જોગવાઈ અનુસાર તેઓ દ્વારા રોકવામાં આવતા એપ્રેન્ટિસની શૈક્ષણિક લાયકાત અનુસાર પ્રતિ એપ્રેન્ટિસ પ્રતિ માસ પ્રોત્સાહન રકમ આપવામાં આવનાર છે. આ પ્રોત્સાહનની રકમ સ્નાતક કે તેથી વધુ લાયકાત ધરાવતા ઉમેદવારના કિસ્સામાં રૂ. ૩૦૦૦/-, ડિપ્લોમા ઉમેદવારના કિસ્સામાં રૂ. ૨૦૦૦/- અને ડિપ્લોમાથી નીચેની તમામ લાયકાત ધરાવતા ઉમેદવારોના કિસ્સામાં રૂ. ૧૫૦૦/- લેખે એકમને આપવામાં આવનાર છે. આ યોજના દ્વારા વર્ષ ૨૦૧૮-૧૯ માં એક લાખ યુવાનોને એપ્રેન્ટિસ તરીકે એકમ ખાતે ઓન ધ જોબ ટ્રેનીંગ દ્વારા રોજગારક્ષમ બનાવવામાં આવશે. કૌશલ્ય તાલીમનાં ક્ષેત્રે ગુજરાતની તાલીમક્ષમતા દસ લાખથી વધારે છે. હાલમાં એપ્રેન્ટિસશીપ યોજનામાં ગુજરાત એકમોની નોંધણી અને એપ્રેન્ટિસોની સંખ્યામાં સમગ્ર રાષ્ટ્રમાં મોખરે છે. ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ (GUVNL) ને મહત્તમ એપ્રેન્ટિસની ભરતી કરવા બદલ સરકારી એકમની કેટેગરીમાં 'Best Establishment'નો ઍવોર્ડ વર્ષ ૨૦૧૬-૧૭ માં ભારત સરકાર દ્વારા એનાયત કરાયો છે.

મંત્રીશ્રીએ કહ્યું કે, ઔદ્યોગિક ક્ષેત્રે કુશળ માનવબળ પૂરું પાડતી કારીગર તાલીમ યોજનાનું અમલીકરણ રાજ્યની ૨૮૭ સરકારી આઈ.ટી.આઈ. સહિત કુલ-૬૬૮ આઈ.ટી.આઈ. મારફતે થઈ રહ્યું છે. વર્ષ ૨૦૧૭-૧૮ માં દોઢ લાખથી વધુ તાલીમાર્થીઓને આ તાલીમ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. આ તાલીમાર્થીઓને એમ્પ્લોયબિલીટી સ્કીલ વધારવા સારુ ૧૦,૦૦૦ થી વધારે તાલીમાર્થીઓને આઈ.આઈ.ટી. મુંબઈ દ્વારા ઓનલાઈન સ્પોકન ટ્યુટોરિયલ તાલીમ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. રાજ્યમાં કૌશલ્યવર્ધન કેન્દ્રોમાં યુવાઓને ગ્રામીણ કક્ષાએ ઘરઆંગણે ટૂંકા ગાળાના અભ્યાસક્રમો થકી કૌશલ્ય પ્રદાન કરાય છે; કૌશલ્યવર્ધન કેન્દ્રમાં કોમ્પ્યુટર, બ્યુટીશીયન, સીવણ જેવા અભ્યાસક્રમોની તાલીમ આપવામાં આવે છે. તાલીમાર્થીઓ સ્વરોજગારી અથવા અંશતઃ રોજગારી મેળવી પગભર થાય છે. વર્ષ ૨૦૧૭-૧૮ માં કુલ ૧,૨૩,૨૪૭ યુવાધનને તાલીમબદ્ધ કરેલ છે જે પૈકી ૮૬,૫૧૨ મહિલાઓ છે આમ કુલ ૭૦% મહિલા ભાગીદારી છે જે રાજ્ય સરકારની મોટી સિદ્ધિ છે. ●



# ડૉ. બાબાસાહેબ આંબેડકરે અંતિમ શ્વાસ લીધા હતા તે ભૂમિ પર રૂ. ૧૦૦ કરોડના ખર્ચે ભાજપ સરકાર દ્વારા તૈયાર કરાયેલ ઐતિહાસિક સ્મારકનું ૧૩ એપ્રિલના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે લોકાર્પણ



## અસ્પૃશ્યતાનો સૌથી મોટો સમયગાળો કોંગ્રેસના શાસનમાં હતો ભાજપાએ સમાજમાં 'સામાજિક સમરસતા'નાં બીજ રોપ્યા - શ્રી જીતુભાઈ વાઘાણી

શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું જણાવ્યું હતું કે, આગામી તારીખ ૧૨ એપ્રિલના રોજ ભાજપાના તમામ સાંસદો દ્વારા તેમના વિસ્તારમાં એક દિવસના પ્રતીકાત્મક ઉપવાસ કરવામાં આવશે. સંસદની કાર્યવાહી ચાલવા ન દઈને કોંગ્રેસે દેશની પ્રજાના પૈસા બરબાદ કર્યા છે. પ્રજાના પ્રશ્નોની ચર્ચા કરવાને બદલે બૂમબરાડા પાડીને સંસદની કાર્યવાહી ખોરવીને કોંગ્રેસે ફરી એક વખત તેની નકારાત્મક માનસિકતા છતી કરી છે. તેની સામે ભાજપાના સાંસદોએ નૈતિકતા બતાવીને ૨૩ દિવસનું વેતન ન લેવાનો નિર્ણય કર્યો છે. દેશભરમાં ભાજપાના તમામ સાંસદો અને ભાજપાના કાર્યકરો-હોદ્દેદારો-આગેવાનો પોતાના વિસ્તારમાં એક દિવસના ઉપવાસ કરી કોંગ્રેસની હીન માનસિકતાને લોકો સમક્ષ ખુલ્લી પાડશે.

શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, આગામી ૧૩ એપ્રિલના રોજ સમગ્ર ભારતવર્ષ માટેનો ઐતિહાસિક કાર્યક્રમ યોજાવાનો છે. ડૉ. બાબાસાહેબ આંબેડકરે જ્યાં અંતિમ શ્વાસ લીધા હતા તે ઐતિહાસિક મકાન શ્રી અટલ બિહારી બાજપાઈજીએ તેમના કાર્યકાળ દરમ્યાન ૩૦ કરોડમાં ખરીદ્યું હતું. આ સ્થળ પર ૧૦૦ કરોડના ખર્ચે સ્મારક બનાવવા માટેનું ખાતમુહૂર્ત પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ એક વર્ષ પહેલાં કર્યું હતું. તેનું લોકાર્પણ આગામી ૧૩ એપ્રિલના રોજ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા કરવામાં આવશે. તેનું જીવંત પ્રસારણ સમગ્ર દેશમાં થશે. ડૉ. બાબાસાહેબના પંચતીર્થોમાંનું એક એવું આ તીર્થસ્થાન છે. કોંગ્રેસ વર્ષો સુધી સત્તા પર રહી પરંતુ તેણે ક્યારેય આ જગ્યાએ સ્મારક બનાવવા માટેની દરકાર ના કરી. કોંગ્રેસે બાબાસાહેબ આંબેડકરને ભારતરત્ન ના આપ્યો, ડૉ. બાબાસાહેબ આંબેડકરનું તૈલચિત્ર પણ કોંગ્રેસે સંસદ ભવનમાં ના મૂક્યું. સમગ્ર દેશમાંથી નેસ્તનાબૂદ થઈ ગયેલી કોંગ્રેસ હવે દલિત સમાજને રિઝવવા માટે ઉપવાસના નાટક કરી રહી છે. કોંગ્રેસના ઉપવાસ એ માત્ર રાજકીય નાટક છે. સંવેદનાહીન કોંગ્રેસનાં રાજકીય તરકટો હવે ખુલ્લાં પડી ગયા છે.

શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, આઝાદી બાદ દેશમાં સૌથી વધુ વખત કોંગ્રેસનું શાસન હતું. અસ્પૃશ્યતાનો સૌથી મોટો સમયગાળો કોંગ્રેસના શાસનમાં હતો. ભાજપાએ સમાજમાં 'સામાજિક સમરસતા'નાં બીજ રોપ્યાં છે. 'સૌનો સાથ, સૌનો વિકાસ'ના મંત્ર સાથે તમામ જ્ઞાતિ-જાતિ કે ધર્મના લોકોને સાથે રાખી સામાજિક સૌહાર્દના શાંતિમય વાતાવરણના નિર્માણ દ્વારા છેવાડાના માનવી સુધી વિકાસનાં ફળ પહોંચાડ્યાં છે. ડૉ. બાબાસાહેબ આંબેડકરે આપેલા દેશના બંધારણને હાથીની અંબાડીએ બેસાડી ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને દેશના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ તેનું ગરિમામય સન્માન કર્યું હતું. સત્તાલાલચુ કોંગ્રેસ સમાજને એક તાંતણે બાંધવાને બદલે ભાગલા પડાવી રાજ કરવાની ગંદી રાજનીતિ ખેલી રહી છે. વર્ગવિગ્રહ, જ્ઞાતિ-જાતિ વચ્ચે ઝઘડાઓ કરાવવાથી કોઈનું ભલું થવાનું નથી. કોંગ્રેસની મેલી મુરાદ જનતા સમક્ષ ખુલ્લી પડી ગઈ છે.

•

REGD. NO. GAMC 563/2018-20 VALID UP TO 31-12-2020 RNI NO. 38397/81 MANOGAT LICENCED TO POST WITHOUT PREPAYMENT NO. PMG/HQ/077/2018-20 VALID UP TO 31-12-20 PUBLISHED ON 10th & 25th OF EVERY MONTH AND PERMITTED AT PSO PATRIKA CHANNEL, AHMEDABAD-2 ON EVERY 12/13/14 & 27/28/29 THE Ev

## રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમિતભાઈ શાહની વિશેષ ઉપસ્થિતિમાં મુંબઈ ખાતે યોજાયેલ ભારતીય જનતા પાર્ટીના ૩૮મા સ્થાપના દિનના કાર્યક્રમની તસવીરો



**Editor : Publishers :**
Surendrabhai Motilal Patel
on Behalf of
Bharatiya Janta Party-Gujarat Pradesh
Published From
Bharatiya Janta Party-Gujarat Pradesh
J. P. Chowk, Khanpur, Ahmedabad-380001.